Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

Let's SAVE the world
વિશ્વ પર્યાવરણ દિવસ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય  તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

વર્ષ : ૪૭ અંક : ૧૪૪ જૂનાગઢ તા.૫-૬-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 144, Junagadh : Date : 5 Jun, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## ગુફી પેન્ટલ : મહાભારતનાં શકુનિ મામાનું નિધન

મુંબઈ તા. ૫

મહાભારતમાં શકુનિની ભૂમિકા ભજવનાર ગૂફી પેન્ટલનું આજે સવારે ૯વાગ્યે નિધન થયું હતું. તેઓ ૭૮ વર્ષના હતા. પેન્ટલ છેલ્લા ઘણા દિવસોથી મુંબઈ અંધેરીની હોસ્પિટલમાં દાખલ હતા. કો-સ્ટાર સુરેન્દ્રપાલે મૃત્યુની પુષ્ટિ કરી છે. તેમના અંતિમ સંસ્કાર આજે સાંજે ૪ કલાકે કરવામાં આવશે. છેલ્લા ૧૫ દિવસથી તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ હાર્ટ અને કિડનીની બીમારી સામે ઝઝૂમી રહ્યાં હતા. ગૂફીની તબિયત બગડી ત્યારે તે ફરીદાબાદમાં હતા. તેમને પહેલા ફરીદાબાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને પછી મુંબઈ લાવવામાં આવ્યા હતા. ગુફી પેન્ટલે ૧૯૮૦ના દાયકાના ઘણા ટીવી શો સાથે ફિલ્મોમાં કામ કર્યુ હતું. આ સાથે તેમણે બીઆર ચોપરાની સુપર હિટ ટીવી સિરિયલ 'મહાભારત'માં શકુનિ મામાની ભૂમિકા ભજવી હતી.

૩૨ વર્ષ જુના અવધેશ રાય હત્યાકાંડ કેસમાં

# યુપીનાં માફિયા મુખ્તાર અન્સારીને અદાલતે દોષીત જાહેર કર્યો : બપોરે સજાનું એલાન

વરાણસી તા. ૫

વારાણસીની એમપી / એમએલએ કોર્ટે આજે યુપીનાં બાહુબલી માફિયા મુખ્તાર અન્સારીને અવધેશ રાય હત્યાકાંડ મામલે દોષીત જાહેર કરતો ચુકાદો આપ્યો છે. મુખ્તાર અન્સારીએ ૧૯૯૧માં અવધેશ રાયની હત્યા કરી હતી. આ કેસનો આજે ૩૨ વર્ષ બાદ ચુકાદો આવ્યો છે જેમાં અદાલતે મુખ્તાર અન્સારીને દોષીત જાહેર કર્યો છે જેમાં આજે બપોરે ૨.૦૦ કલાકે અદાલત દ્વારા સજાનું એલાન કરવામાં આવશે. મુખ્તાર અન્સારીને કોર્ટ શું સજા ફટકારશે તે અંગે અદાલતનાં ચુકાદાની રાહ જોવામાં આવી રહી છે.

કાયદાનાં જાણકાર સુત્રોનાં જણાવ્યા મુજબ મુખ્તાર અન્સારીને જન્મટીપ કે ફાંસીની સજા થઈ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૩ ઓગષ્ટ ૧૯૯૧નાં રોજ અવધેશ રાયનાં ઘરની બહાર ગોળીબાર કરીને તેમની હત્યા કરવામાં આવી હતી જેમાં મુખ્તાર સહિત પાંચ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો જેનો આજે ૩૨ વર્ષ બાદ ચુકાદો આવ્યો છે.

# મોદી ભવિષ્યની નહી ભૂતકાળની વાત કરે છે : રીઅર મીરર જોઈને કાર ચલાવે છે - રાહુલ ગાંધીનો કટાક્ષ

ન્યુયોર્ક તા. ૫

ઓરીસ્સા ટ્રેન દુર્ઘટના મુદે કેન્દ્રની મોદી સરકાર પર મોટો હુમલો કરતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે મોદી ભવિષ્યની નહી ભૂતકાળની જ વાત કરે છે. તેઓએ કહ્યું કે જો ઓરીસ્સા ટ્રેન દુર્ઘટના પર પ્રશ્ન પૂછો તો કહેશે ૫૦ વર્ષ પુર્વે કોંગ્રેસની સરકારના સમયે પણ દુર્ઘટના થઈ હતી. મોદીજી ફક્ત રીવર મીરર જોઈને જ કાર ચલાવે છે તો શું યોગ્ય રીતે ચલાવી શકશે? એક બાદ એક દુર્ઘટના બની રહી છે અને પાછળ જુએ છે તો પછી અકસ્માત કઈ રીતે અટકાવી શકશે!

રાહુલ ગાંધીએ ન્યુયોર્કમાં બિનનિવાસી ભારતીયોને સંબોધન કર્યુ હતું અને તેમને સાંભળવા ૫૦૦૦થી વધુ એનઆરઆઈ આવ્યા હતા જેમાં પ્રારંભમાં મૌન પાળીને ઓરીસ્સાની ટ્રેન દુર્ઘટનાના દિવંગતોને શ્રદ્ધાંજલી અપાઈ હતી. રાહુલે તેના ભાષણમાં એનઆરઆઈને આઈ લવ યુ કહ્યું અને પછી પૂછયું કે તમે ફરી ભાજપની મીટીંગમાં આઈ-લવ-યુ સાંભળ્યુ છે ? કોંગ્રેસની બેઠકોમાં તે સામાન્ય છે. અમો નફરતના બજારમાં મહોબ્બતની દુકાન ચલાવીએ છીએ.

રાહુલ ગાંધીએ કહ્યું કે એનઆરઆઈ તેમના મર્યાદીત સાધનોસાથે અહી આવ્યા પણ તમો હવે બહેતરીન કામ કરો છો. તેમણે કહ્યું કે ભાજપ અને પીએમ મોદી તેમની ભુલોનો દોષનો ટોપલો બીજા પર ઢોળે છે. તેઓ કહે છે કોંગ્રેસ સરકારના સમયમાં પણ દુર્ઘટના થઈ હતી પણ અમોએ કદી કહ્યું નહી કે આ પ્રકારના અકસ્માતમાં અંગ્રેજો દોષિત છે. કારણ કે નફરતથી નફરત મીટાવી શકાય નહી તેમનું કામ નફરત ફેલાવવાનું છે અને અમો મહોબ્બતનો પૈગામ લઈને આવ્યા છીએ. તેમ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું.

# બાલાસોર ટ્રેન દુર્ઘટનાનાં કારણો મળી આવ્યા : જવાબદાર લોકોને પણ ઓળખી લેવાયા : રેલ્વે મંત્રી

## ઈલેકટ્રોનિક ઈન્ટરલોકીંગમાં ફેરફાર થવાથી દુર્ઘટના સર્જાઈ : તપાસ રીપોર્ટની રાહ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૫

ઓરીસ્સાના બાલાસોરમાં ટ્રેન દુર્ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ આ સમગ્ર મામલામાં સતત નજર રાખી રહ્યા છે. અશ્વિની વૈષ્ણવે આ વિશે મહત્વની માહિતી જાહેર કરી હતી. રેલવે મંત્રીએ કહ્યું કે રેલવે સુરક્ષા કમિશનરે આ મામલે તપાસ કરી છે. અકસ્માતનું કારણ શોધી કાઢવામાં આવ્યું છે અને તેના માટે જવાબદાર લોકોની પણ ઓળખ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગમાં ફેરફારને કારણે આ અકસ્માત થયો છે.

અશ્વિની વૈષ્ણવે કહ્યું કે કમિશનર ઓફ રેલ્વે સેફ્ટીએ આ મામલે તપાસ કરી છે અને ઘટનાનું કારણ અને તેના માટે જવાબદાર લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. રેલ્વે મંત્રીએ વધુમાં કહ્યું કે રેલ્વે સુરક્ષા કમિશનરે આ મામલે તપાસ કરી છે. પરંતુ તપાસ રિપોર્ટ આવે ત્યાં સુધી રાહ જોવી પડશે. પરંતુ અમે ઘટનાનું કારણ અને તેના માટે જવાબદાર લોકોની ઓળખ કરી લીધી છે. ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગમાં ફેરફારને કારણે આ અકસ્માત થયો હતો. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૮૮ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૧૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

# ચોમાસુ વધુ વિલંબમાં પડયું : કેરળમાં પ્રવેશતા હજુ બે -ત્રણ દિવસ લાગશે

નવી દિલ્હી તા.૫ : ભારતમાં નૈઋત્ય ચોમાસાનો પ્રવેશ વધુ ઢીલમાં પડયો હોય તેમ હવામાન વિભાગે કેરળમાં તેનું આગમન થવામાં હજુ બે-ત્રણ દિવસ લાગી જવાની આગાહી કરી છે. ચોમાસુ દરીયાઈ સીમામાંથી પ્રવેશી ગયુ હોવા છતાં કેરળનાં કાંઠે પહોંચવામાં સમય લાગશે. જોકે તેના આગળ ધપવાનાં સંજોગો સાનુકુળ હોવાથી તથા કોઈ વિઘ્ન કે અવરોધ સર્જાવાની શકયતા નથી. ભારતમાં સામાન્ય રીતે નૈઋત્ય ચોમાસાનો પ્રવેશ ૧ જુને થતો હોય છે. જયારે આ વખતે ૪ જુને થવાની આગાહી હવામાન વિભાગે અગાઉ જ કરી દીધી હતી

પરંતુ હવે આ તારીખ-દિવસ પણ પસાર થઈ ગયો છે અને હવે હવામાન વિભાગે કેરળમાં આગમન ૭થી ૮ જુને ચોમાસુ સક્રિય થવાની સંભાવના દર્શાવીછે. ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટદ્વારા ચોમાસું ૭ જુને કેરળ-પહોંચવાનું જણાવવામાંઆવ્યુ છે. હવામાન વિભાગનાંરીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કેચોમાસુ કેરળ તરફ આગળ ધપવાના સંજોગો સાનુકુળ છે. દક્ષિણ અરબી સમુદ્રમાં પશ્ચિમી પવન રવિવારથી તેજ બની ગયો છે. પરીણામે સ્થિતિ સાનુકુળ થઈ રહી છે. સમુદ્રી સપાટીથી ૨.૧ કિલોમીટરની ઉંચાઈએ જ સારી સ્થિતિ છે.

દક્ષિણ પૂર્વીય અરબ સમુદ્રમાં પણ વાદળો જમા થઈ રહ્યા છે.આ સંજોગોમાં ચોમાસાને કેરળમા પહોંચવાની પરિસ્થિતિ સારી છે. આવતા બે-ત્રણ દિવસમાં પરિસ્થિતિમાં વધુ સુધારો શકય છે. આજે સાંજ સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે. ચોમાસુ ૭જુને કેરળ પહોંચે તો પણ સામાન્ય સમય કરતાં એક સપ્તાહ મોડુ પડશે.જોકે મોડા ચોમાસાથી ચિંતા કરવાની જરૂર ન હોવાનો દાવો કરતા સુત્રોએ એમ કહ્યું કે ૨૦૧૯માં ચોમાસુ ૮ જુને આવ્યુ હતું.

ઈન્ડસ્ટ્રીયલ જમીન વેચવાની છે




ખન્ના ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લિ.
રોહીત ખન્ના 9909900010

જૂનાગઢમાં
સ્કૂલ બિલ્ડીંગ ભાડે આપવાનું છે

જૂનાગઢનાં અતિવિકસીત બાયપાસ રોડ પર ગોલ્ડન સીટી, કે.જે. હોસ્પિટલ પાછળ આવેલ મહાત્મા ગાંધી નર્સિંગ સ્કૂલની બાજુનું, ત્રણ માળનું ચાલુ સ્કૂલ બિલ્ડીંગ, વિદ્યાલય હાઈસ્કૂલ બિલ્ડીંગ, પોતાની માલીકીનું ભાડે આપવાનું છે.

:: સંપર્ક ::
(૧) હરીભાઈ : ૯૮૭૯૦ ૯૯૧૩૫
(૨) ભાડજા સાહેબ : ૯૫૧૦૩ ૯૧૪૨૧




ગ્રીનસીટી પ્લોટ ઓનર્સ એસોસીએશન
જૂનાગઢ
પાર્ટીપ્લોટ ભાડેથી આપવાનો છે

જૂનાગઢ બાયપાસ રોડ ઉપર આવેલ ગ્રીનસીટીમાં શહેરની સૌથી વિશાળ સોસાયટી અને પાર્કિંગની સુવિધા સાથેનો વિશાળ પાર્ટીપ્લોટ / કલબ હાઉસ બિલ્ડીંગ તથા સ્વિમીંગ પુલ સાથે ૧ થી ૩ વર્ષ ભાડેથી ચલાવવા માટે આપવાનું છે

● શ્રી ડો. જી. કે. ગજેરા (પ્રમુખશ્રી)
● શ્રી નિલેશભાઈ ધુલેશીયા (ઉપપ્રમુખશ્રી)
● શ્રી ધીરૂભાઈ ગોહેલ (માનદ્ મંત્રીશ્રી)

સંપર્ક : ધીરૂભાઈ દુધવાળા - ૯૯૦૯૧ ૮૩૯૯૯





જૂનાગઢમાં પર્સનલ / ગ્રુપ ટયુશન
ધોરણ ૧૧-૧૨ બાયોલોજી
(ગુજરાત બોર્ડ / NEET)
અંગ્રેજી / ગુજરાતી માધ્યમ
પર્સનલ ગ્રુપ ટયુશન લેવા માટે મળો
સંપર્ક
વિધાન દવે સર બાયોલોજી નિષ્ણાંત
Mob. 78598 73034

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૬૩૫૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧. ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# માનવજાતમાંથી નૈતિકતા સમાપ્ત થઈ રહી છે : ચિંતાજનક

લોકશાહીની બહુ સરસ વ્યાખ્યા છે- લોકો વડે, લોકો માટે અને લોકોથી ચાલતું રાજ્યતંત્ર. પરંતુ હાલની પરિસ્થિતિ અને સરકારની સિસ્ટમને ભરડો લઈ બેઠેલા ભ્રષ્ટાચારને જોતાં વ્યાખ્યા બદલી નાખવી જોઈએ. હવે પછીની વ્યાખ્યા છે - ભ્રષ્ટાચાર વડે, ભ્રષ્ટાચાર માટે અને ભ્રષ્ટાચારથી ચાલતું રાજ્યતંત્ર!! દેશભરમાં શુક્રવારે રૂપિયા બે હજારની ગુલાબી નોટ પાછી ખેંચી લેવાની જાહેરાત થતાંની સાથે જ કાળું નાણું ધોળું કરવા માટેના કીમિયા શરૂ થઈ ગયા છે. વળી, સરકાર માઈ-બાપ આ વખતે જબરી મહેરબાન બની છે. રાતોરાત બદલવાની નથી, પૂરતો ટાઈમ અપાયો છે અને બેંકમાં નોટ બદલાવતી વખતે કોઈ જ આધાર પુરાવાની જરૂર નથી! આ તો કાળા નાણાંને ધોળા કરવાનો જબરો દાવ છે!

બેંકમાં લાગેલી લાઈનો જોતાં એવું લાગે છે કે, અહો! મારા દેશમાં આટલાબધા ૨૦૦૦ના નોટધારકો છે? મારાદેશમાં તો ગુલાબી નોટોની જ રેલમછેલ છે ને! ક્યાંય બેકારી કે મોંઘવારી નડતી હોય એવું લાગતું નથી. સોનીબજારમાં લોકો ૨૦૦૦ની નોટો લઈને સોના-ચાંદી ખરીદવા ઉમટી પડ્યા છે. જ્વેલરી વેચાણવાળા પણ સોના લઈ જા રે, ચાંદી લઈ જા રે કહેતા લોભામણી જાહેરાતો આપીને લોકોને લલચાવી રહ્યા છે.

સમગ્ર દેશમાં બેંક્માં લાંબી લાઈનમાં ઊભેલાઓ શું પોતાના હકની કમાણીના પૈસા લેવા લાઈનમાં ઊભા છે એવું તમે માનો છો? માલેતુજારોના કાળા નાણાંને ધોળા કરવાના ભાગરપે કમિશન લઈને ભાડૂતી લોકો લાઈનમાં ઊભા રહે છે. એક જ માણસ દિવસમાં ૧૦ થી ૧૫ વખત લાઈમાં ઊભો રહી નોટ બદલાવી રહ્યો છે. બેંકમાં તમારા જ પૈસા બદલાવો છો તેના કોઈ આધાર-પુરાવા માંગવામાં નથી આવતા એટલે કાળી કમાણી કરનારાને તો દોડવું હતું ને ઢાળ મળ્યો એવો ઘાટ સર્જાયો છે. બેંકમાં એક વાર સર્વે કરજો, ત્યાં ઊભેલાઓમાં પરસેવાની કમાણી પર ટેક્સ ભરનારો કોઈ નોટ બદલવા આવ્યો છે? લગભગ નહીં જોવા મળે. હા, ગવર્મેન્ટના મલાઈદાર ખાતાંના અધિકારીઓ, જેમની ઉપરની આવક કરોડોમાં હશે તેના સેવકો લાઈનમાં ઊભા હશે!

દેશની તમામ બેંકોમાં લોકો જાણે સંગીત ખુરશીની રમત રમતા હોય તેમ નોટ બદલાવી ફરી ફરી લાઈનમાં ઊભા રહે છે. ઘણા લોકો થેલા ભરીને પણ નોટ બદલાવતા જોવા મળી રહ્યા છે! રૂા. ૫૦૦ અને રૂા. ૧000ની નોટબંધી વખતે આવી અને આટલી છૂટછાટ ન હતી. રાતોરાત નોટબંધી લાગુ પાડવામાં આવી હતી અને રોજના ૪૦૦૦ સુધીની લિમીટ પણ રાખવામાં આવી હતી. આ વખતે એવા કોઈ ફિલ્ટર નથી. જેટલી નોટ બદલાવવી હોય તે બદલાવી શકાય છે અને તે પણ સપ્ટેમ્બર સુધી. આ બધી કોની કળા છે એ બધા જ જાણે છે પણ તેરી ભી ચૂપ અને મેરી ભી ચપ કરી સૌ વહેતી ગંગામાં હાથ, અરે નાહી લેવા પડ્યા છે! પછી તને આવો અવસર નહીં મળે રે લોલ કરી બધા જ બેનંબરી કાળા નાણાંને ધોળું કરાવવા દોડી રહ્યા છે.

સરકાર સફાઈ કરી રહ્યા છીએ એવી શેખી મારી કહે છે કે ૨૦૦૦ની મોટી નોટ કેન્સલ કરી કાળા નાણાં પર અંકુશ લાવી રહ્યા છીએ. અરે, માલેતુજારોના કાળા નાણાંને ધોળા બનાવી રહ્યા છો! આ જ ૨૦૦૦ની નોટોના માલિકો તમને ૨૦૨૪ની ચૂંટણીમાં ચંટણી ફંડ આપશે ને! એમને તો ફાયદો કરાવવો જ પડે. મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ પાસે તો ૨૦૦૦ની નોટ જ નથી. એ બિચારા તો ક્યાંથી ગુલાબી નોટનાં દર્શન કરે? પણ લાઈનમાં ઊભા રહી એજન્ટો આવા લોકો પાસે નોટ બદલાવતા દેખાઈ રહ્યા છે.

ભ્રષ્ટાચાર કે અનૈતિકતા મનોવૃત્તિ બનતી જાય છે. એવું નથી કે અત્યારે જ અનૈતિક આચરણ વધી ગયું છે. ઈતિહાસ તપાસો તો લોકોએ દરેક યુગમાં અનૈતિક કાર્યો કર્યાં છે અને અસત્ય અને અધર્મને સાથ આપ્યો છે. પરંતુ વર્તમાન સમયમાં સામાન્ય જીવનમાં પણ અનૈતિકતાની ઘૂસણખોરી અને સ્વીકાર્યતા ચિંતાજનક છે. હાલ એવી પરિસ્થિતિ છે કે જો સત્તા પર બેઠેલો ભ્રષ્ટાચાર ન કરે તો મૂરખમાં ખપે છે. પ્રમાણિકતાની તો જાણે કોઈ કિંમત નથી. દેવડીએ દંડાય ચોર મૂઠી જારના ને લાખ ખાંડી ખાનારા મહેફિલે મંડાય છે એવી કવિ કરસનદાસ માણેકની પંક્તિઓ હાલના સમયમાં બરાબર લાગુ પડે છે.

૨૦૦૦ની નોટ બદલાવવા માટે રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ, ફિલ્મસ્ટારો કે ક્રિકેટરોને જોયા? તેમની તો કરોડોમાં કમાણી છે. સરકારી બાબુઓ ક્યાંય લાઈનમાં દેખાયા? ક્યાંથી દેખાય? તેમનું તો ક્યારનું ય સેટિંગ થઈ ગયું. આવી વાતો સામાન્ય જનમાનસમાં ચર્ચરઈ રહી છે. હમણાં હમણાં છાપામાં નિવૃત્ત અધિકારી લાંગાના ભ્રષ્ટાચારોની વાત આવી રહી છે. આ તો છીંડે ચડ્યો તે ચોર. આવા તો અનેક સરકારી તિજોરી ખાલી કરી ગયા. અરે સરકારમાં સ્થિત જે-તે સમયના મંત્રીઓ પણ ક્યાં દૂધે ધોયેલા છે? સરકાર બદલાય એટલે અગાઉના મંત્રીઓ અને અધિકારીઓના મોંઢા બંધ કરવા તેમના ભ્રષ્ટાચાર ખુલ્લા પાડવામાં આવે છે. બાકી બધા ચોરના ભાઈ ઘંટી ચોર જેવા જ છે. રાજ્યનો દરેક કર્મચારી, જેના હાથમાં થોડીઘણી સત્તા છે તે માત્ર ને માત્ર પૈસા ખાઈ જવાના ધ્યેય સાથે જ કામ કરી રહ્યો છે. સરકારી નોકરીઓ મેળવવામાં પણ ભ્રષ્ટાચાર, પરીક્ષાઓ પાસ કરવામાં પણ ભ્રષ્ટાચાર, અરે જે તે સંસ્થામાં એડમિશન મેળવવામાં પણ ભ્રષ્ટાચાર કરવામાં આવે છે.

તલાટી મંત્રી અને નાયબ મામલતદાર જેવા વર્ગ-૩ના કર્મચારીઓના બંગલા જુઓ તો આંખો ફાટી રહે. તેમના સંતાનોની રહેણી-કરણી અને ઠાઠમાઠ જોતાં ઉપરની આવકનો અંદાજ આવી જાય. જો વર્ગ-૩ના કર્મચારીઓ આટલી કમાણી કરતા હોય તો ઉપર બેઠેલાની કાળી કમાણીનું તો પૂછવુંજ શું? રશિયન ચિંતક લિયો ટોલ્સટોયે વર્ષો પહેલાં માનવમૂલ્યો અને નૈતિકતાને ઢંઢોળતી વાર્તા લખી હતી - 'હાઉ મચ લેન્ડ ડઝ અ મેન નીડ' એટલે કે એક માણસને કેટલી જમીન જોઈએ? તેના કદ જેટલી, દફન થઈ શકે તેટલી પરંતુ આજની પેઢી તેની પછીની સાત પેઢી તો શું ૭૦૦ પેઢી સુધી ખૂટે નહીં એટલું ખોટી રીતે એકઠું કરવામાં પડી છે.

સમગ્ર માનવજાતમાંથી નૈતિક્તા સમાપ્ત થઈ રહી છે તેની અસર આગામી સમયમાં જોવા મળવાની જ છે. પરમાણુ વિસ્ફોટના રેડિયેશન કરતાં પણ ઘાતક અસર નૈતિકતાના અધઃપતનની માનવજાત પર થવાની છે. પણ કલ કિસને દેખા કરી સૌ આજે શક્ય તેટલું અનૈતિક રસ્તે ભેગું કરવામાં પડ્યા છે.

# ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી અમલી બન્યા બાદ રાજ્યમાં ઈલેક્ટ્રિક વ્હીકલની સંખ્યામાં ૧૪૭૫ ટકાનો ઉછાળો







ગાંધીનગર તા.૦૩

આજે ઈલેક્ટ્રિક વાહનોની લોકપ્રિયતા ખૂબ ઝડપથી વધી રહી છે. વાહનોથી થતું કાર્બન ઉત્સર્જન, ગ્લોબલ વોર્મિંગ અંગે વધી રહેલા જાગૃતિ, ઉત્સર્જન અંગેના કડકમાપદંડ અનેસરકાર દ્વારા મળતા પ્રોત્સાહનના કારણે ઈલેક્ટ્રિક વાહનોની ખરીદીમાં વધારો થઈ રહ્યો છે. ગુજરાતને ઈલેક્ટ્રિક વ્હીકલ અને તેને આનુષંગિક સાધન-સામગ્રીનું મેન્યુફેક્ચરિંગહબ બનાવવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧માં ઈ-વ્હીકલ પોલિસી જાહેર કરવામાં આવી હતી. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ઈ-વ્હીકલ (ઈફ)ની દિશામાં ગુજરાત સતત આગળ વધી રહ્યું છે.

ગુજરાતમાં ઈ-વ્હીકલ પોલિસી અમલી થયા બાદ ઈફના રજિસ્ટ્રેશનમાં ૧૪૭૫ ટકાનો જંગી ઉછાળો જોવા મળ્યો છે. રાજયમાં આજે રજીસ્ટર્ડ ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યા ૧,૧૮,૦૮૬ સુધી પહોંચી છે, જે અગાઉ માત્ર ૭૨૪૦ હતી.

છેલ્લા પાંચ મહિનામાં દર મહિને ૮,૮૫૮ ઈલેક્ટ્રિક વાહનોની નોંધણી કરવામાં આવી છે. ગુજરાતમાં સૌથી વધુ ૩૧,૫૬૧ ઈલેક્ટ્રીક વાહનો સુરતમાં નોંધાયા છે. તે પછી, અમદાવાદમાં ૨૦,૯૩૭, વડોદરામાં ૭,૬૪૮, રાજકોટમાં ૬,૬૭૮ અને જામનગરમાં ૩,૨૫૯ ઈફ નોંધાયા છે. ગુજરાતમાં નોંધાયેલા કુલ ૧,૧૮,૦૮૬ ઈ-વ્હીકલમાંથી ૧,૦૬,૩૪૧ ટુ વ્હીલર, ૪૦૩૯ થ્રી વ્હીલર્સ અને ૫૬૪૬ ફોર વ્હીલર્સ છે અને બાકીના ૨૦૦૬ અન્ય કેટેગરીમાં આવતા ઈલેક્ટ્રીક વાહનો છે.


રાજ્ય સરકાર ઈલેક્ટ્રિક વાહનોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ વિશેષ ધ્યાન આપી રહી છે. ગુજરાતના અલગ-અલગ શહેરોમાં ઝડપથી ઈફ ચાર્જિંગ સ્ટેશનો બનાવવામાં આવી રહ્યા છે. હાલ રાજ્યમાં કુલ ૧૫૨ ચાર્જિંગ સ્ટેશન છે. આગામી સમયમાં ૨૫૦ નવા પબ્લિક ચાર્જિંગ સ્ટેશન બનાવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં છે. સરકાર દ્વારા રાજ્યના દરેક વિસ્તારમાં સમાન ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવા અને ચાર્જિંગ સ્ટેશન સાઈટ પસંદગીની પ્રક્રિયાને સરળ બનાવવા માટે BISAG-N સાથે મળીને ઝોન/હોટસ્પોટ ડિઝાઈન કરવામાં આવ્યા છે. તેના અનુસાર મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં ૯૧, મ્યુનિસિપાલિટી અંતર્ગત આવતા વિસ્તારોમાં ૪૮, રાજ્ય ધોરીમાર્ગો/રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ૯૬ હોટસ્પોટ અને પ્રવાસન સ્થળો પર ૧૫ હોટસ્પોટની પસંદગી કરવામાં આવી છે.

રાજ્ય સરકાર લોકોને ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગ અંગે ખૂબ જ જાગૃત કરી રહી છે. વર્ષ ૨૦૨૧માં લાગુ કરવામાં આવેલ આ પોલિસી અંતર્ગત ટુ-વ્હીલર પર મહત્તમ રૂ.૨૦,૦૦૦, થ્રી-વ્હીલર પર મહત્તમ રૂ.૫૦,૦૦૦ અને ફોર વ્હીલર ઈલેક્ટ્રિક વાહનો પર મહત્તમ રૂ.૧,૫૦,૦૦૦ની સબસીડી આપવામાં આવે છે. અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૩૩.૮૩ કરોડની સબસીડી ચૂકવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ પોલિસી ચાર વર્ષના સમયગાળા માટે કાર્યરત રહેશે, જે અંતર્ગત કુલ બે લાખ ઈલેક્ટ્રિક વાહનો પર સબસીડી આપવામાં આવશે.

ઈલેક્ટ્રિક વ્હિકલ પોલીસી એ ગુજરાતની નીતિ અને ગ્રીન ગ્રોથ વ્યૂહરચનાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. ગ્રીન ગ્રોથ દેશમાં હરિયાળી ઔદ્યોગિક અને આર્થિક પરિવર્તન સાથે જોડાયેલ છે.

ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જન અને વાયુ પ્રદૂષણમાં ઘટાડો કરીને ગ્રીન ગ્રોથ ચલાવવામાં ઈલેક્ટ્રિક વાહનો (ઈફજ) મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. ઈલેક્ટ્રીક વ્હિકલ આબોહવા પરિવર્તન સામે લડવામાં અને પ્રદુષણમાં ઘટાડો કરવામાં મદદ કરે છે. વધુમાં, ઈદૃજના કારણે રોજગાર સર્જન પણ થાય છે. ગુજરાત અશ્મિભૂત ઈંધણ પર નિર્ભરતા ઘટાડીને પરિવહન ઉર્જા સ્ત્રોતોમાં વૈવિધ્યીકરણ કરી ટકાઉ ભવિષ્યમાં ફાળો આપી રહ્યુ છે.

## અમદાવાદમાં જળયાત્રા માટે જગન્નાથ મંદિરમાં બળદગાડા તૈયાર



અમદાવાદ,તા.૦૫

અમદાવાદમાં યોજાનારી ૧૪૬મી રથયાત્રા પૂર્વે રવિવારે જળયાત્રા યોજાશે. ત્યારે જળયાત્રાને લઈને મંદિરમાં તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

રથયાત્રા પૂર્વે યોજાતી જળયાત્રાનું અનોખુ મહત્વ હોય છે. જળયાત્રામાં મુખ્ય અતિથિ તરીકે શિવાનંદ આશ્રમના સ્વામી પરમાત્માનંદ સરસ્વતી મહારાજ હાજર રહેવાના છે. રથયાત્રાનો પ્રથમ પડાવ જળયાત્રા માનવામાં આવે છે. એટલા માટે મંદિર પરિસરમાં રથયાત્રા જેવી જ તૈયારીઓ જળયાત્રામાં પણ થતી હોય છે. ભગવાન જે બળદગાડામાં તૈયાર થઈને જતા હોય છે તેને તૈયાર કરવામાં આવ્યા છે. ૧૦૮ જેટલા કળશ લઈને સાબરમતી નદી ભૂદરના આરે જવામાં આવે છે.

આ તમામ ૧૦૮ કળશમાં સાબરમતી નદીનું જળ ભરવામાં આવે છે. ત્યારબાદ આ જળની પૂજા કરવામાં આવે છે. જે બાદ ભગવાનના ગજવેશના દર્શન થશે. ત્યારે આ તમામ તૈયારીઓ મંદિરમાં આરંભી દેવામાં આવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ખૂબ જ પ્રેમ કરવાથી પુત્ર નાશ પામ છે.

- વિદુરજી

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ વદ-૧ ગુરૂ શ્રી હરગોવિંદસિંહજી જયંતિ, બીજનો ક્ષય છે તા.૫ જૂન ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૧૫, મૂળ નક્ષત્ર, સાધ્ય યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## શરીરને રિલેક્સ નહીં છોડી શકો, તો પછી તમે ગમે તે યુક્તિ અપનાવો, તમે ઊંઘી શકશો નહીં

નવી દિલ્હી, તા.૩

શું તમે માનો છો કે ઊંઘવું એ પણ એક કળા છે? તમે વિચારશો કે આ તો અર્થહીન વાત છે, આમાં કળા શું છે, આ એક એવી ક્રિયા છે જે દરેક વ્યક્તિ સાથે થાય છે. દરેક વ્યક્તિ ઊંઘે છે. તો આજે તમને આ કળા કેવી છે તે સમજાવીએ. વાસ્તવમાં, દુનિયામાં એવા ઘણા લોકો છે જે સ્વસ્થ છે, અને તેઓ પડતાંની સાથે જ સૂઈ જાય છે, પરંતુ એવા ઘણા લોકો છે જેમને ઊંઘ માટે સંઘર્ષ કરવો પડે છે, તેમની રાત તો પડખા બદલતા બદલતા જ પસાર થાય છે. તેઓ એટલી આસાનીથી ઊંઘી શકતા નથી. આવી સ્થિતિમાં, જો તેઓ ઝડપથી ઊંઘવાની કળા શીખી લે, તો તેમને સંઘર્ષ કરવો પડશે નહીં. જો તમે પણ અનિદ્રાના શિકાર છો અથવા ઊંઘ ન આવવાને કારણે મોડી રાત સુધી ફોનનો ઉપયોગ કરતા હોવ તો તમારે સૈનિકો દ્વારા અપનાવવામાં આવેલી આ ખાસ ટ્રિક વિશે જાણી લેવું જોઈએ. સેનાના જવાનો ઊંઘવાની આવી કળા જાણે છે, જેની મદદથી તેઓ માત્ર ૨ મિનિટમાં જ ઊંઘના ખોળામાં ડૂબકી મારવાનું શરૂ કરી દે છે. રિપોર્ટ અનુસાર, ૧૯૮૧માં એક પુસ્તક લોન્ચ કરવામાં આવ્યું હતું. તેનું નામ હતું, "રિલેક્સ એન્ડ વિનઃ ચેમ્પિયનશિપ પરફોર્મન્સ". પુસ્તકના લેખક લોયડ બડ વિન્ટર હતા. લોયડે આ પુસ્તક એટલા માટે લખ્યું કે જેથી તે મેદાન પરના ખેલાડીઓના પ્રદર્શનમાં સુધારો કરી શકે અને તેમને રિલેક્સ ફિલ કરાવી શકે. આ પુસ્તકમાં ઊંઘની ખૂબ જ ખાસ ટ્રીક લખવામાં આવી છે, જેનો ઉપયોગ અમેરિકન સેનાના સૈનિકો પણ કરે છે. આ ટ્રીકદ્વારા તેઓને માત્ર ૨ મિનિટમાં ગાઢ ઊંઘ આવે છે. આ ટ્રિક ખૂબ જ સરળ છે અને તેને ફોલો કરવામાં તમને કોઈ સમસ્યા નહીં થાય. ટ્રિકનું પ્રથમ પગલું શરીરને રિલેક્સ કરી દેવાનું છે. જો તમે તમારા શરીરને રિલેક્સ નહીં છોડી શકો, તો પછી તમે ગમે તે યુક્તિ અપનાવો. તમે ઊંઘી શકશો નહીં. રિલેક્સ થઈ ગયા પછી તમારા ચહેરાના સ્નાયુઓને રિલેક્સ કરવાનો પ્રયાસ કરો. જડબા, જીભ, આંખોને સંપૂર્ણપણે રિલેક્સ છોડી દો, કોઈપણ હલનચલન કરશો નહીં. આ પછી તમારા બંને હાથને બાજુ પર રાખો અને ખભાને પણ ઢીલા કરવાનો પ્રયાસ કરો. આ રીતે તમારા શરીરના તમામ તણાવ ખતમ થવા લાગશે. આ સમગ્ર પ્રક્રિયામાં શ્વાસની મહત્વની ભૂમિકા છે. શ્વાસ લેતી વખતે અને બહાર કાઢતી વખતે, ધીમે ધીમે તમારી છાતી, હાથ અને પગને રિલેક્સ કરવાનું શરૂ કરો. તમે એક સમયે સમજી શકશો કે તમારું શરીર રિલેક્સ થઈ ગયું છે. જ્યારે તમને રિલેક્સ ફિલ થવા લાગે ત્યારે ૧૦ સેકન્ડ માટે એવા કોઈ દ્રશ્ય વિશે વિચારો, જેનાથી તમારું મન હળવું લાગે. આ દ્રશ્ય તમારા જીવન સાથે સંબંધિત કોઈ ઘટના અથવા સ્થળ હોઈ શકે છે. જો તમે કંઈપણ સમજી શકતા નથી, તો પછી કલ્પના કરો કે તમે સમુદ્ર અથવા તળાવના કિનારે પડ્યા છો. એ પછી પણ જો તમારું મન ભટકતું હોય તો મનમાં કહેતા રહો કે ડોન્ટ થિંક (વિચાર કરીશ નહીં). તમે જોશો કે તમને ધીમે ધીમે ઊંઘ આવવા લાગશે. જો તમે આ પ્રક્રિયાને માત્ર ૬ મહિના સુધી જ રિપીટ કરશો તો ૨ મિનિટમાં તમને ઊંઘ આવવા લાગશે.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૦૫-૦૬-૨૦૨૩ થી ૧૧-૦૬-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નિર્ણયોમાં વિલંબ સંભવ છે. લાભની તક હાથમાંથી સરીજાય. સ્થાવરમિલ્કત અંગેના પ્રશ્નોમાં વિઘ્ન આવે. નાણાંકીય સ્થિતિ મધ્ય રહે. ધંધા-વ્યવસાય ક્ષેત્રે પરિશ્રમ કરવો જરૂરી બને. નોકરીયાત વર્ગને કાર્યબોજ વિશેષ રહે જેથી થાક અનુભવાય. કૌટુંબિક વાતાવરણ સહકારભર્યું રહે. ભાઈ-બાહેનથી લાભ થાય. જીવનસાથીથી મતભેદ ન થાય તે જોવું. સંતાનો અંગેના પ્રશ્નોનો ઉકેલ મળે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન માનસિક ચિંતા રહ્યા કરે. નાણાંકીય બાબતના પ્રશ્નોમાં વિઘ્નો આવે. તેમજ દરેક કાર્ય અટકી-અટકીને પૂર્ણ થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે નવી તકો મળે. તેમજ વડીલ વર્ગના સાથસહકાર પ્રાપ્ત થાય. નોકરીયાત વર્ગની સાનુકૂળ સ્થિતિ, સહ કર્મચારી વર્ગનો સાથ-સહાકર મળે. જીવનસાથી સાથે આનંદમય વાતાવરણ રહે. નાનોએવો પ્રવાસ કરી શકશો. અલબાત્ત પડવા-વાગવાથી કે અકસ્માતથી સંભાળવું.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન મન અસ્વસ્થ રહે તેમજ આત્મવિશ્વાસ ડગી જાય. મનની મુરાદ ન આવે. જોકે જીવનસાથી તરફથી સહયોગ મળે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. યાત્રા-પ્રવાસમાં સાવચેતી રાખવી. નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું. ખોટી ઉગ્રતાને કાબુમાં રાખવી નહીં તો મુશ્કેલી રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક જવાબદારી વધે, નાણાંકીય લાભ મળે. પારિવારીક માનમાં વધારો થાય. પ્રગતિકારક સમય હોતા દરેક કાર્યોમાં સરવાળે સફળતા મેળવી શકશો. સંતાનના સ્વાસ્થય અંગે ચિંતાજનક સ્થિતિ રહે. વડીલ વર્ગ તરફથી લાભ મળવાનો સંભવ છે. કોઈને મનદુઃખ થાય તેવા કુટવચન ન બોલશો.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન ક્રોધ પર કાબુ રાખવો અન્યથા નુક્શાનીના ભોગ બનવું પડે. પારિવારીક સુરક્ષા માટે જાગૃતિ કેળવવી હિતાવહ. વિરોધીવર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય. આર્થિક સમસ્યા હળવી બને અલબત્ત રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ છે. માનસિક તનાવમાંથી સપ્તાહનના અંત સુધી મુક્ત થઈ શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનોકામના સિધ્ધ થાય. યાત્રા-મુસાફરીના યોગ નકારી શકાય. જૂના સંબંધો દ્વારા લાભ મળે. કોઈ સંકટ કે મુશ્કેલીમાંથી માર્ગ મળે. નવા કાર્યોમાં સફળતા મેળવી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી-વડીલવર્ગનો સાથ-સહકાર પ્રાપ્ત થાય. નવિન શુભ સમાચાર મળે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન કોર્ટમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે જરૂરી ધીરજપૂર્વક દરેક કાર્યો હાથ ધરવા. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સસરા પક્ષ તરફથી નાનો એવો લાભ મેળવી શકશો. ભાઈ-બહેનોના કાર્યોમાં સફળતા મળે. અધ્યાત્મિક કાર્યોમાં અભિરૂચિ વધે. આરોગ્ય સુધરે, જૂના રોગોમાંથી મુક્તિ મેળવી શકશો.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન માનસિક સ્વસ્થતા રહે તેમજ આત્મવિશ્વાસ વધે. નાણાંકીય આકસ્મીક લાભ મળે. વારસા, મિલ્કત અંગેના પ્રશ્નોનો ઉકેલ લાવવા સાનુકૂળ સમય. નોકરીયાત વર્ગનો કાર્યમાં સફળતા પ્રાપ્ત થાય. તેમજ તેની માના-પ્રતિષ્ઠા વધે. કૌટુંબિક દ્રષ્ટિએ વડીલ વર્ગનો સાથ-સાહાકર મેળવી શકશો. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે અલબત્ત તેનું આરોગ્ય જાળવવું હિતાવહ.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન ધીરજ અને શાંતિથી કાર્ય કરવું હિતાવહ. ધંધાકીય પરિસ્થિતિ યથાવત રહે. અલબત્ત મહેનત દ્વારા ઉજળી તકોનું સર્જન કરી શકશો. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી સાથે વાણી ઘર્ષણ થવા સંભવ છે. કૌટુંબિક પરિસ્થિતિ મધ્યમ રહે. ભાઈ-બહેન સાથે મતભેદ સર્જાય જેથી ઘરની શાંતિમાં વિક્ષેપ પડે. જીવનસાથીથી વિશેષ લગાવ રહે. તેનો સાથ-સહકાર મળે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન બાધ્ય સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય. અગત્યના કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે.આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ. આરોગ્ય જાળવવું તેમજ ખાન-પાનમાં કાળજી લેવી.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન કાર્યક્ષેત્રમાં મિક્ષ પરીણામ પ્રાપ્ત થાય તેમ છતાં અગત્યના કાર્યોમાં સફળતા મળે.

જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી સંઘર્ષ ટાળવો હિતાવહ, નાણાં વ્યય થાય. જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. એકંદરે આરોગ્ય સારૂં રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

પ્રિયજનથી આ સપ્તાહ દરમિયાન વિશેષ લગાવ રહે. કોર્ટ-કચેરી, જમીન-વાહન સંબંધી કાર્યમાં લાભ રહે. આરોગ્ય બાબતે આ સપ્તાહ દરમિયાન સાવચેતી રાખવી હિતાવહ. કોઈ ષડયંત્રમાં ગેરસમજના ભોગ ન બની જવાય તેની સાવધાની રાખવી જરૂરી બને. નોકરી-વ્યવસાયને લગતી સમસ્યાઓ રહે, ધીરજપૂર્વક કાર્યો કરતા રહેવાથી સમસ્યાઓ દૂર થાય.

# ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓની ૬ જૂનથી ઉત્તરવહી અવલોકનની કાર્યવાહી શરૂ કરાશે

## ૬ જૂનથી શરૂ થનારી અવલોકનની કાર્યવાહી ૧૦ જૂન સુધી ચાલશે

અમદાવાદ, તા.૫
ધો.૧૨ સાયન્સમાં પરિણામથી સંતુષ્ટ ન હોય તેવા ૬૪૦૦ વિદ્યાર્થીઓએ બોર્ડ સમક્ષ ઉત્તરવહી અવલોકન માટે અરજી કરી હતી. આ વિદ્યાર્થીઓની ઉત્તરવહી અવલોકનની કાર્યવાહી ૬ જૂનથી શરૂ કરવામાં આવશે અને ૧૦ જૂન સુધી પૂર્ણ કરવાનું આયોજન કરાયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા રોજના સરેરાશ ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને ઉત્તરવહી અવલોકન માટે બોલાવવામાં આવશે. અવલોકનની કામગીરી માટેના કોલલેટર બોર્ડદ્વારા વેબસાઈટ ઉપર મૂકી દેવામાં આવ્યા છે. શિક્ષણ બોર્ડ દ્વારા ૨ મેના રોજ ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. ધો.૧૨ સાયન્સનું પરિણામ ખૂબ જ નીચું આવતા વિદ્યાર્થીઓ અકળાયા હતા અને ગુણ ચકાસણી અને ઉત્તરવહી અવલોકન માટે બોર્ડ સમક્ષ અરજી કરી હતી. બોર્ડ સમક્ષ ધો.૧૨ સાયન્સના ૬૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્તરવહી અવલોકન માટે અરજી કરી છે, જેથી હવે બોર્ડ દ્વારા ૬ જૂનથી ઉત્તરવહી અવલોકનની કાર્યવાહી શરૂ કરવાની જાહેરાત કરી છે. શિક્ષણ બોર્ડ દ્વારા ૬ જૂનથી ઉત્તરવહી અવલોકન શરૂ કરવામાં આવશે અને ૧૦ જૂનના રોજ પૂર્ણ કરાશે. રોજ અવલોકન માટે ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને બોલાવવામાં આવશે. ગાંધીનગર ખાતે બોર્ડની નવી બિલ્ડિંગમાં આ કામગીરી કરાશે. એક બેચમાં સરેરાશ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને બોલાવવામાં આવશે. આમ, દિવસ દરમ્યાન ૮ બેચમાં ઉત્તરવહી અવલોકનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ૧૦ જૂન સુધી આ કાર્યવાહી પૂર્ણ કરાયા બાદ બોર્ડ દ્વારા ઉત્તરવહી અવલોકનની કાર્યવાહી બાદ ગુણમાં થયેલા ફેરફારની વિગતો જાહેર કરાશે. ઉત્તરવહી અવલોકનમાં વિદ્યાર્થીને ઉત્તરવહી બતાવવામાં આવશે, જેમાં કોઈ પ્રશ્ન ચેક કરવાનો રહી ગયો હોય અથવા તો કોઈ પ્રશ્નના જવાબો સાચા હોય છતાં માર્ક મળ્યા ન હોય તે તમામ બાબતો વિદ્યાર્થીઓ ચકાસી શકશે. ત્યારબાદ જો બોર્ડને લાગશે તો તેમાં ફેરફાર પણ કરી આપવામાં આવશે. અવલોકન માટે વિદ્યાર્થી સાથે એક વાલીને પણ જવા દેવામાં આવશે. ઉપરાંત વિદ્યાર્થીને ઉત્તરવહી અવલોકન માટે ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવશે.

ટ્રાયલ કોર્ટે ૬ આરોપીઓને નિર્દોષ છોડી મુકતા સરકારનો નિર્ણય

# આસારામ વિરૂધ્ધના ચર્ચાસ્પદ દુષ્કર્મ કેસમાં સરકાર હવે હાઈકોર્ટમાં જશે



ગાંધીનગર, તા.૫
રાજસ્થાન અને ગુજરાતમાં આસારામ વિરૂદ્ધ ચાલી રહેલ દુષ્કર્મ કેસમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ટ્રાયલ કોર્ટે આસારામના કેસમાં નિર્દોષ છોડેલા આરોપીઓ સામે હવે સરકારે હાઈકોર્ટમાં જવાનો નિર્ણય કર્યો છે. રાજય સરકારનાં કાયદા વિભાગે આસારામ વિરૂદ્ધ દુષ્કર્મ કેસમાં મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં કેસમાં ટ્રાયલ કોર્ટે નિર્દોષ છોડેલા ૬ આરોપીઓ સામે સરકાર હાઈકોર્ટમાં અપીલ કરશે. ૬ આરોપીઓને ટ્રાયલ કોર્ટે તાજેતરમાં જ નિર્દોષ છોડયા હતા. ત્યારે આસારામને ગુજરાત તેમજ રાજસ્થાનનો કેસ અલગ અલગ હોઈ સજા એક સાથે કાપવાનો નિર્ણય લેવાની ટ્રાયલ કોર્ટને સત્તા નથી. જે બાબતે કાયદાકીય અભિપ્રાય અપાયો છે. ૩૦ જાન્યુઆરીના રોજ આસારામને સુરતની બે યુવતી ઉપર દુષ્કર્મ કેસમાં દોષિત જાહેર કરવામાં આવ્યો હતો. જયારે આસારામ સિવાયના ૬ આરોપીઓને નિર્દોષ જાહેર કરાયા હતા. ત્યારે સમગ્ર કેસની વિગત કરીએ તો સુરતની બે યુવતીઓ પર વર્ષ ૨૦૦૧માં દુષ્કર્મબાદ ૨૦૧૩માં આસારામ વિરૂધ્ધ ગુનો નોંધાયો હતો. આ દુષ્કર્મના કેસમાં ૬ ઓકટોબરનાં રોજ આસારામ સહિત ૭ આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો. આસારામના આ સમગ્ર પ્રકરણને લઈ ગુજરાત જ નહિં પરંતુ સમગ્ર દેશમાં ભારે ચર્ચાઓ થવા પામી હતી. જેમાં હવે હાઈકોર્ટમાં આ કેસની અપીલ શરૂ થતા ફરી સમગ્ર કેસની છણાવટ થશે.

# રાજ્યના ૯.૭૭ લાખ ભૂલકાં સૌપ્રથમ વખત બાલવાટિકામાં નવા અભ્યાસક્રમ સાથે ભણશે

## ગુજરાત બાલવાટિકામાં ગુજરાત સેમેસ્ટર સિસ્ટમ લાગુ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું !



ગાંધીનગર, તા.૫
રાજયભરમાં ૧૨ જૂનથી ગુજરાતમાં નવા શિક્ષણ ક્ષેત્રનો પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે પ્રથમ વખત ૯,૭૭,૫૧૫ જેટલા બાળકો બાલવાટિકામાં અભ્યાસ કરશે. બાલવાટિકામાં સેમેસ્ટર સિસ્ટમ લાગુ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજય બન્યું છે. બાલવાટિકામાં સેમેસ્ટર સિસ્ટમ માટે નવી શિક્ષણ નીતિ અંતર્ગત ખાસ અભ્યાસ ક્રમ પણ તૈયાર કરાયો છે. નવા સત્ર પહેલાં વિદ્યાર્થીઓ સુધી પુસ્તકો પહોંચી જશે. તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. રાજયમાં આ વર્ષે નવી શિક્ષણનીતિ અંતર્ગત પાઠ્યપુસ્તકો તૈયાર કરાયા છે. દેશમાં પ્રથમવાર ગુજરાતમાં બાલવાટિકાનો પ્રયોગ થઈ રહ્યો છે. બાલવાટિકામાં પણ સેમેસ્ટર સિસ્ટમ દ્વારા બાળકોને ભણાવશે. બાલ વાટિકા માટે ખાસ પુસ્તકો પણ તૈયાર કરવામાં આવ્યા છે. બાલ વાટિકામાં બે પુસ્તક દ્વારા સમગ્ર વર્ષ બાળકોને ભણાવવામાં આવશે. જૂનથી ડિસેમ્બર અને જાન્યુઆરીથી એપ્રિલ સુધી બાલવાટિકા ચાલશે. બાલ વાટિકાના પુસ્તકોમાં બાળકોને આંગણવાડીથી પહેલા ધોરણ સુધી બ્રિજ આ પુસ્તકો બનશે. બાલવાટિકામાં બાળકોને શિક્ષણ કેવી રીતે આપવું તેના માટે પણ શિક્ષકો માટે અલગથી પુસ્તક તૈયાર કરાયું છે. રાજયમાં પ્રથમ વખત નવા શૈક્ષણિક સત્ર પહેલા તમામ પુસ્તકો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી દેવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. બાલવાટિકા અભ્યાસની વાત કરવામાં આવે તો તેમાં બાળકોને ચિત્રના માધ્યમથી ફળ, ફૂલ, પશુઓ અને પક્ષીઓને ઓળખવા ચિત્રોમાં રંગ પુરવા આંકડાઓને ઘુંટવા અને લખવાનું શિક્ષણ આપવામાં આવશે. પુસ્તકની અંદર શિક્ષકોને બાળકોને કઈ રીતે ભણાવવા તે બાબતની સૂચનાઓ પણ આપવામાં આવી છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અપાયેલી માહિતી અને છપાયેલા પુસ્તક મુજબ બાળવાટિકામાં પણ સેમેસ્ટર પ્રમાણેનું શિક્ષણ આપવામાં આવશે. પ્રથમ સેમેસ્ટર જૂન મહિનાથી ડિસેમ્બર સુધીનું હશે અને ત્યારબાદ બીજું સેમેસ્ટર ડિસેમ્બરથી એપ્રિલ મહિના સુધીનું રહેશે, જ્યારે ધોરણમાં ૧માં બાળક પ્રવેશે તે પહેલાં તમામ પશુ પક્ષી, કલર, અક્ષરો લખતા આવડે તે રીતનું શિક્ષણ આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૨ જૂનથી ગુજરાતમાં નવા શિક્ષણ ક્ષેત્રનો પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે પ્રથમ વખત ૯,૭૭,૫૧૫ જેટલા બાળકો બાલવાટિકામાં અભ્યાસ કરશે.

# શું તમે ધૂમ્રપાન છોડવાનો પ્રયાસ કરી રહ્યા છો ? તો તમારા એ સંકલ્પને મજબૂત કરવા માટે જરૂરી ડેટા



શું તમે ધૂમ્રપાન છોડી દેવાનો પ્રયાસ કરી રહ્યાં છો અથવા તમારી કોઈ પ્રિય વ્યક્તિને આવું કરવા માટે સમજાવી રહ્યાં છો ? અમે આજે તમને જે માહિતી આપી રહ્યા છીએ તે તમારા સંકલ્પને મજબૂત કરશે. ભારતમાં તમાકુનો વ્યાપ ઘટી રહ્યો છે અને તેનું ઉત્પાદન સ્થિર થયું છે. ભારતમાં દર વર્ષે ૧ મિલિયનથી વધુ પુખ્ત વયના લોકો તમાકુના સેવનને કારણે મૃત્યુ પામે છે. ભારત વિશ્વનો બીજો સૌથી મોટો તમાકુ ઉત્પાદક દેશ છે. શું તમાકુના વપરાશમાં કોઈ લિંગ આધારિત ડેટા છે? હા, ભારતમાં તમાકુના ઉપયોગની વાત આવે ત્યારે સ્પષ્ટ લિંગ આધારિત ડેટા છે. ૨૦૧૯-૨૧માં હાથ ધરાયેલા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે મુજબ, ભારતમાં ૧૫ વર્ષ અને તેથી વધુ ઉંમરના ૩૮ ટકા પુરૂષોર અને નવ ટકા મહિલાઓ તમાકુ ઉત્પાદનોનો ઉપયોગ કરે છે. તમે જ્યાં રહો છો તે સ્થાન પણ તેમાં ભૂમિકા ભજવે છે. જ્યારે તમાકુના ઉપયોગની વાત આવે છે ત્યારે સ્પષ્ટ રીતે શહેરી-ગ્રામીણ સ્તરે પણ વિભાજન છે. પુરૂષો તેમજ મહિલાઓમાં તમાકુનો ઉપયોગ શહેરી વિસ્તારો કરતા ગ્રામીણ વિસ્તારોમાં વધુ છે. NFHS ડેટા દર્શાવે છે કે ૪૩ ટકા પુરૂષો ગ્રામીણ વિસ્તારોમાંર તમાકુનો ઉપયોગ કરે છે જ્યારે શહેરી વિસ્તારોમાં તે ૨૯ ટકા છે. મહિલાઓ માટે તમાકુનો ઉપયોગ ગ્રામીણ વિસ્તારોમાં ૧૧ ટકા છે જ્યારે શહેરી વિસ્તારોમાં તે છ ટકા છે. તેથી, જો તમે ગ્રામીણ ભારતમાં રહો છો, તો તમે તમાકુના શિકાર થશો તેવી શક્યતાઓ વધુ છે. શું ભારતમાં કોઈ એવો પ્રદેશ છે જ્યાં તમાકુનો વધુ ઉપયોગ જોવા મળે છે ? હા, જ્યારે તમાકુના ઉપયોગની વાત આવે છે ત્યારે ભારતના ઉત્તરપૂર્વ ભાગમાં તેનો વપરાશ વધુ છે. પુરૂષોમાં તમાકુનોર ઉપયોગ સૌથી વધુ મિઝોરમ (૭૩%)માં થાય છે, ત્યારબાદ આંદામાન અને નિકોબાર ટાપુઓ (૫૯%) અને મણિપુર (૫૮%) આવે છે. મિઝોરમ (૬૨%), ત્રિપુરા (૫૧%) અને મણિપુર (૪૩%)માં મહિલાઓમાં તમાકુનો ઉપયોગ સૌથી વધુ છે. પરંતુ હવે સારા સમાચાર પણ છે. ભારતમાં ધૂમ્રપાન અને ધૂમ્રપાન વિનાના તમાકુનો ઉપયોગ ઘટ્યો છે અને NFHS ડેટા અનુસાર તે બંને જાતિઓ માટે છે. પુરૂષોમાં,ર તમાકુનો ઉપયોગ ૨૦૧૫-૧૬માં ૪૫ ટકાથી ઘટીને ૨૦૧૯-૨૧માં ૩૯ ટકા થયો છે. મહિલાઓમાં, તમાકુનો ઉપયોગ ૨૦૧૫-૧૬માં ૭ ટકા ઘટીને ૨૦૧૯-૨૧માં ૪ ટકા થયો હતો. ૨૦૦૫-૦૬માં ૫૭ ટકા પુરૂષો તમાકુના શિકાર હતા. ૨૦૧૫-૧૬માં પુરૂષોમાં તમાકુના ઉપયોગનું પ્રમાણ ઘટીને ૪૫ ટકા થયું છે. મહિલાઓમાં, તમાકુનો ઉપયોગ ૨૦૦૫-૦૬માં ૧૧ ટકાથી ઘટીને ૨૦૧૫-૧૬માં ૭ ટકા થયો હતો. ભારતમાં તમાકુનું ઉત્પાદન ભારત વિશ્વનો બીજો સૌથી મોટો તમાકુ ઉત્પાદક દેશ છે. ૨૦૨૧ના ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન અનુસાર, ૭.૬ લાખ ટન સાથે, બિન-ઉત્પાદિત તમાકુના ઉત્પાદનમાં ભારત ચીન પછી બીજા ક્રમે છે. ચીન ૨૧ લાખ ટનના ઉત્પાદન સાથે તમાકુનું સૌથી મોટું ઉત્પાદક છે. જે ભારતના તમાકુ ઉત્પાદન કરતાં ત્રાણ ગણું છે. બીજા સારા સમાચાર એ છે કે, વર્ષોથી, ભારતનું તમાકુનું ઉત્પાદન તેમજ તેનો વાવેતર વિસ્તાર, એટલે કે તમાકુના પાક માટે વપરાતી જમીનનું પ્રમાણ ધીમે ધીમે સ્થિર થયું છે. ૨૦૨૧માં ભારતમાં તમાકુના ઉત્પાદનમાં ૧.૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. વાવેતર વિસ્તાર સ્થિર હોવાથી ઉપજમાં પણ ૧.૩ ટકાનો ઘટાડો થયો છે. ૨૦૧૧માં ભારતમાં તમાકુના ઉત્પાદનમાં ૧૭ ટકાની વાર્ષિક વૃદ્ધિ આવી હતી તે પછી ૨૦૧૧ પછીના દાયકામાં તમાકુનું ઉત્પાદન વધ્યું નથી. વધુને વધુ ભારતીયો હવે તમાકુથી દૂર થઈ રહ્યા છે. તેથી, જો તમે ધૂમ્રપાન છોડવાનો પ્રયાસ કરી રહ્યાં છો, તો તમે પણ આવું ચોક્કસ કરી શકો છો.

# મોર્ગન સ્ટેન્લીના અહેવાલ મુજબ, ભારતમાં રોકાણકારો દ્વારા ૨૦૧૪થી થયેલા 'નોંધપાત્ર ફેરફારો'ને અવગણવામાં આવ્યા છે

નવી દિલ્હી, તા.૫
ભારતમાં છેલ્લા એક દાયકામાં આર્થિક માપદંડોમાં પરિવર્તન થયું છે, જેમાં સપ્લાય-સાઈડ સુધારા, અર્થતંત્રનું ઔપચારિકકરણ, રિયલ એસ્ટેટ રેગ્યુલેશન્સ અને સોશિયલ સેક્ટર ટ્રાન્સફર સહિત અન્ય સેવાઓનો સમાવેશ થાય છે. નાણાંકીય સેવા કંપની મોર્ગન સ્ટેનલીએ તેના પૃથ્થકરણના આધારે, ભારતીય અર્થતંત્ર વિશે, સ્થાનિક અને વૈશ્વિક અર્થતંત્ર સાથેના તેના સંબંધના સંદર્ભમાં કેટલીક આગાહીઓ કરી હતી. તેના અહેવાલમાં કહ્યું છે કે, અમે મેન્યુફેક્ચરિંગ અને મૂડી ખર્ચમાં નવા ચક્રની અપેક્ષા રાખીએ છીએ અને અમે ૨૦૩૧ સુધીમાં GDP ચગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ્માં બંનેનો હિસ્સો લગભગ ૫ ટકા પોઈન્ટ્સ વધવાનો અંદાજ લગાવીએ છીએ. અમારો અંદાજ છે કે ભારતનો નિકાસ બજાર હિસ્સો ૨૦૩૧ સુધીમાં વધીને ૪.૫ ટકા થઈ જશે, જે ૨૦૨૧ના સ્તરથી લગભગ બેગણું થઈ જશે. જેમાં માલસામાન અને સેવાઓની નિકાસમાં વ્યાપક આધારિત લાભ મળશે. વિદેશી રોકાણકારો માટે નોંધપાત્ર રીતે તે બીજા ક્રમની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા હોવા છતાં છેલ્લા ૨૫ વર્ષોમાં ટોચના પ્રદર્શન કરનારા શેરબજારોમાં ઈક્વિટી વેલ્યુએશન ખૂબ સમૃદ્ધ છે. જોકે, આ પ્રકારનો દૃષ્ટિકોણ ભારતમાં ખાસ કરીને ૨૦૧૪થી થયેલા નોંધપાત્ર ફેરફારોની અવગણના કરે છે. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, વૈશ્વિક મૂડીબજારના પ્રવાહ ઉપર ભારતની નિર્ભરતા ઓછી થઈ હોવાથી, યુએસમાં મંદી અથવા યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ફેરફાર જેવી ઘટનાઓ પ્રત્યે તેના શેરબજારની સંવેદનશીલતા ઓછી થઈ રહી છે. મોર્ગન સ્ટેન્લીએ જણાવ્યું હતું કે, ભારતની એકંદર વૃદ્ધિ માટેના જોખમોમાં વૈશ્વિક મંદી, કોમોડિટીના ભાવમાં તીવ્ર વધારો અને કુશળ શ્રમ પુરવઠામાં અછત છે. ૨૦૧૪થી ભારતીય અર્થવ્યવસ્થામાં થયેલા ફેરફારો વિશે વાત કરતા, આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૧૯માં સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલા કરને પગલે, ભારતનો કોર્પોરેટ ટેક્સ દર ચીન, ઈન્ડોનેશિયા, દક્ષિણ કોરિયા, મલેશિયા, જાપાન, થાઈલેન્ડ, વિયેતનામ અને સિંગાપોર, જેવા દેશો સાથે સમાન હતો. અહેવાલમાં એ પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે કે પાછલા આઠ વર્ષોની સરખામણીમાં પાછલા આઠ વર્ષોમાં માળખાકીય સુવિધાઓના નિર્માણની ગતિમાં તેજી આવી છે. ઉદાહરણ તરીકે, મોર્ગન સ્ટેનલીના અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૧૪-૧૫ અને ૨૦૨૨-૨૩ વચ્ચે ૫૩,૭૦૦ કિમી રાષ્ટ્રીય ધોરીમાર્ગો બાંધવામાં આવ્યા હતા, જે ૨૦૦૫-૦૬થી ૨૦૧૩-૧૪ના સમયગાળામાં બાંધવામાં આવેલા ૨૫,૭૦૦ કિમી કરતા નોંધપાત્ર રીતે વધારે છે. એ જ રીતે, તે દર્શાવે છે કે છેલ્લાં આઠ વર્ષમાં બ્રોડબેન્ડ ગ્રાહક આધારમાં ૭૭૧.૩ મિલિયન લોકોનો વધારો થયો છે, જે અગાઉના આઠ વર્ષમાં ૫૮.૯ મિલિયન હતો. દેશમાં ૨૦૧૪-૧૫ અને ૨૦૨૨-૨૩ની વચ્ચે કુલ ૯૫.૭ ગીગાવોટ (GW) નવીનીકરણીય ઊર્જા ક્ષમતા સ્થાપિત કરવામાં આવી હતી, જે ૨૦૦૫-૦૬ અને ૨૦૧૩-૧૪ની વચ્ચે ૨૫.૭ GW સ્થાપિત કરવામાં આવી હતી. અર્થવ્યવસ્થાના ઔપચારિકકરણના સંદર્ભમાં, મોર્ગન સ્ટેનલીએ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) હેઠળ કર વસૂલાતમાં સતત વધારા તરફ પણ ધ્યાન દોર્યું અને એ પણ નિર્દેશ કર્યો કે ડિજિટલ વ્યવહારો ૨૦૧૫-૧૬માં માત્ર ૪.૪ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં વધીને ૭૬.૧ ટકા થઈ ગયા છે. મોર્ગન સ્ટેનલીના ડેટા એ પણ દર્શાવે છે કે રિયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ જેવા સુધારા પછી રિયલ એસ્ટેટ સેક્ટરને વેગ મળ્યો છે, જેમાં નવા લોન્ચિંગ અને પ્રોપર્ટીના નવા વેચાણ બંને અનુક્રમે લગભગ ૭૫,૦૦૦ યુનિટ્સ અને ૬૦,૦૦૦ યુનિટ્સ થઈ ગયા છે. ૨૦૧૪-૧૫ના બીજા કવાર્ટરમાં લગભગ ૫૦,૦૦૦ નવા લોન્ચ અને ૪૧,૦૦૦ નવા વેચાણ સાથેની સરખામણીમાં તે વધુ છે. સામાજિક સ્થાનાંતરણ ઉપર, મોર્ગન સ્ટેનલીએ દર્શાવ્યું હતું કે, રોકડ ટ્રાન્સફર અને અન્ય ટ્રાન્સફર યોજનાઓની સંખ્યામાં ઘટાડો થયો હોવા છતાં, જરૂરિયાતમંદોને ટ્રાન્સફર કરવામાં આવતી રોકડની વાસ્તવિક રકમમાં અનેકગણો વધારો થયો છે. રિપોર્ટમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતની માથાદીઠ આવક હાલમાં **$2,200**થી વધીને ૨૦૩૧-૩૨ સુધીમાં લગભગ **$5,200** થશે.

# સ્મશાન ગૃહોમાં સુધારેલ સ્મશાન ભઠ્ઠીના ઉપયોગથી ૫૦ ટકા લાકડાંની બચત

ગાંધીનગર, તા.૫
રાજયમાં પર્યાવરણના સંરક્ષણ માટે રાજય સરકારે મક્કમ નિર્ધાર કરીને સઘન આયોજન કર્યું છે. પ્રતિ વર્ષ વધુને વધુ વૃક્ષો વાવી તેનું જતન કરવા રાજય સરકાર કટીબદ્ધ છે. આ જ હેતુ સાથે રાજયના સ્મશાન ગૃહોમાં હિન્દુ સમાજના મૃત વ્યક્તિઓના અંતિમ સંસ્કાર માટે ઓછા લાકડાનો વપરાશ થાય તે હેતુથી ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (GEDA) દ્વારા સુધારેલ સ્મશાન ભઠ્ઠી (સગડી) લગાવવાની સહાય યોજના કાર્યરત છે. જે હેઠળ છેલ્લા ૭ વર્ષમાં રૂ. ૨૯.૩૧ કરોડના ખર્ચે ૬,૫૫૨ જેટલી સ્મશાન ભઠ્ઠી લગાવવામાં આવી છે. GEDA દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર અગ્નિસંસ્કાર વિધિમાં લાકડાનો ઉપયોગ થતો હોય છે; જેને ઓછો કરી પર્યાવરણનું જતન કરવા માટે સુધારેલ સ્મશાનભઠ્ઠી લગાવવામાં આવે છે. આ સ્મશાનભઠ્ઠીના ઉપયોગથી લાકડામાં આશરે ૪૦ થી ૫૦ ટકા જેટલી બચત થઈ શકે છે.

# સરકાર માટે આંખ ઉઘાડનાર : વાત એક એવા વિદ્યાર્થીની જેણે પોતાના ગામમાં હાઈસ્કૂલ ન હોવાથી રોજ ૧૮ કિ.મી.ની સફર ખેડી ધો.૧૨માં ૯૯.૯૯ પર્સેન્ટાઈલ મેળવ્યા

## માલધારી સમાજના વિદ્યાર્થીએ વાંકાનેરની ફૈઝ સ્કૂલમાં અભ્યાસ કરી ધોરણ ૧૨માં ૯૫.૨૯ ટકા મેળવતાં શુભેચ્છા પાઠવવા ગામ-પરગામથી લોકો ઉમટી પડ્યા

અમદાવાદ, તા.૫
ભારત દેશની આઝાદીને અનેક વર્ષો પસાર થઈ ગયા છે. આ વર્ષોમાં ગુજરાત સહિત દેશમાં વિવિધ ક્ષેત્રે સુધારા થયેલા જોવા મળી રહ્યા છે. પણ હજુ આ સુધારા અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચ્યા નથી. જો શિક્ષણની વાત કરવામાં આવે તો ગુજરાતમાં હજુ એવા ઘણાં અંતરિયાળ ક્ષેત્રો અને સમાજ છે જેમની પ્રથમ પેઢી હવે શિક્ષિત થઈ રહી છે. જેથી તંત્રએ આ તરફ ધ્યાન દોરી તેમને સાક્ષર બનાવવા ખાસ વ્યવસ્થા જાહેર કરવી જોઈએ. આવા ગામોમાં હજુ શાળાઓ પણ પૂરતી સંખ્યામાં શરૂ થઈ શકી નથી. માટે વિદ્યાર્થીઓ અધવચ્ચેથી શિક્ષણ છોડી રહ્યા છે અને જેઓ ઉચ્ચ અભ્યાસ કરવા માંગે છે, તેમને ગામથી દૂર શિક્ષણ મેળવવા જવું પડે છે. ત્યારે સરકારે આવા લોકોને તેમના ગામમાં જ શિક્ષણ મળી રહે તે માટે યોગ્ય સંખ્યામાં શાળાઓ સ્થાપવી જોઈએ, તે જ આજના સમયની માંગ છે. અહીં એક એવા વિદ્યાર્થીની વાત કરવાની છે, જે પોતાની પેઢીનો પ્રથમ વિદ્યાર્થી હશે જેણે શાળા પરિણામમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. એટલું જ નહીં પોતાની આ સફળતા માટે તેણે દરરોજ ગામથી ૧૮ કિ.મી. દૂર શાળાએ જવું પડતું હતું.

મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના નાનાકડા ગામ રંગપરમાં અમરભાઈના ઘરમાં આ ઉત્સવ તહેવારથી ઓછો નથી. બુધવાર સવારથી જ આ ઘરમાં સગાઓ, ગ્રામજનો અને નેતાઓનો જમાવડો જોવા મળ્યો હતો. આ તમામ લોકો અમરભાઈના ૧૭ વર્ષીય પુત્ર ભરતને મળવા માટે આવી રહ્યા હતા. જેણે ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૨ની પરીક્ષામાં ૯૯.૯૯ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. જેનું પરિણામ બુધવારે સવારે જાહેર કરવામાં આવ્યું હતું. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થી ભરતે કુલ ૭૦૦ ગુણમાંથી ૬૬૭ ગુણ મેળવ્યા છે. પરીક્ષામાં સારો દેખાવ કરતાં ભરતે ૯૫.૨૯ ટકા પ્રાપ્ત કર્યા હતા. વ્યવસાયે પશુપાલક અમરભાઈએ જણાવ્યું હતું કે, હું નિરક્ષર છું. પણ મારા પુત્રએ કોઈપણ માર્ગદર્શન વિના ધોરણ ૧૨ની પરીક્ષામાં સારા ગુણ મેળવ્યા છે. મને તેના ઉપર ગર્વ છે. મારા પુત્રને શુભેચ્છા પાઠવવા અમારા ઘરે લોકો આવી રહ્યા છે. જે લોકો દૂર છે તેઓ ફોન કરી અભિનંદન પાઠવી રહ્યા છે. અમરભાઈની ત્રણ સંતાનોમાં ભરત સૌથી મોટો છે. ભરતે પોતાનું પ્રાથમિક શિક્ષણ ગામની સરકારી શાળામાંથી પ્રાપ્ત કર્યું હતું. ત્યારબાદ તેણે હાઈસ્કૂલના શિક્ષણ માટે ગામથી ૧૮ કિ.મી. દૂર આવેલ વાંકાનેરની ફૈઝ સ્કૂલ ખાતે પ્રવેશ મેળવ્યો હતો. શાળામાં હોસ્ટેલની સુવિધા હોવા છતાં ભરત દરરોજ શટલરિક્ષામાં શાળાએ જતો હતો. ભરત પોતાનું શિક્ષણ જારી રાખવા માંગતો હતો પણ કયા ક્ષેત્રે જવું તે માટે મુંઝવણમાં હતો. તેણે જણાવ્યું હતું કે, મે ઉચ્ચ શિક્ષણ મેળવવાનું નક્કી કર્યું હતું પણ શું અભ્યાસ કરવો તે માટે હું મુંઝવણમાં હતો. ૨૦ પશુ ધરાવતા અમરભાઈએ જણાવ્યું હતું કે, અમારા ગામમાં હાઈસ્કૂલ નથી. જેથી મારી પુત્રીએ આઠમાં ધોરણથી ભણવાનું છોડી દીધું હતું. અમે માલધારી સમાજના છીએ. અમે પશુપાલન સિવાય કોઈ વિશેષ અનુભવ ધરાવતા નથી. ભરતના ભાઈએ પણ ધોરણ ૧૦ બાદ શાળાએ જવાનું છોડી દીધું હતું. ભરતના પિતરાઈ ૩૬ વર્ષીય કાળુભાઈ મોરબી ખાતે ટ્રાન્સપોર્ટનો બિઝનેસ ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે, અમારા પરિવારમાંથી કોઈપણ સરકારી નોકરી કરતું નથી. અમારા પરિવારમાંથી તમામ લોકો નાનામોટા વેપાર કરે છે અથવા કોઈ ખાનગી ક્ષેત્રે નોકરી કરે છે. ધોરણ દસમાં ભરતે ૮૯ ટકા મેળવ્યા હતા. તે પહેલા ધોરણથી જ વર્ગમાં પ્રથમ ક્રમે આવે છે. તે વહેલી પરોઢિયે ત્રણ વાગ્યે ઉઠી જાય છે અને ત્રણ વાગ્યાથી જ ભણવા બેસી જાય છે.

## નેશનલ એજ્યુકેશન પોલીસી ૨૦૨૦નો અસરકારક અમલ કરવા

# ભક્તકવિ નરસિંહમહેતા યુનિવર્સિટી સજ્જ

### ૧૫ જૂન થી શરૂ થતા નવા સત્રથી યુનિવર્સિટી સંલગ્ન તમામ ૧૬૨ કોલેજોમાં NEP ૨૦૨૦ મુજબ સિલેબસ ભણાવાશે : અલગ અલગ કોર્ષીસ કરવાની તક

જૂનાગઢ, તા.૫

સમગ્ર ભારતમાં ૧૯૮૬થી એટલે કે ૩૪ વર્ષ પછી નવી શિક્ષણનીતિ રૂપે ભારતના વડાપ્રધાનનરેન્દ્રભાઈમોદીના સીધા માર્ગદર્શન હેઠળ નેશનલ એજ્યુકેશન પોલીસી (NEP) ૨૦૨૦નો અસરકારક અમલ થવા જઈ રહ્યો છે. ત્યારે ભક્તકવિ નરસિંહમહેતા યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા પણ તા.૧૫ જૂન,૨૦૨૩ થી શરૂ થતા નવા સત્રથી તમામ સંલગ્ન કોલેજોમાં NEP-૨૦૨૦ નો અમલ કરવાનું નક્કી કરવામાં આવ્યુંછે. કુલપતિ ડો.ચેતનભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાયેલ એકઝીક્યુટીવ કાઉન્સિલની બેઠકમાં નક્કી થયા મુજબ યુનિવર્સિટીના નિયંત્રણ અને નિયમન હેઠળ આવતા જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની કુલ૧૬૨ કોલેજોમાં ૨૦૨૩-૨૪ના નવા સત્રથી આર્ટસ, કોમર્સ અને સાયન્સ ફેકલ્ટીના તમામ કોર્ષમાં NEP-૨૦૨૦નોઅમલ કરવો,સંલગ્ન સિલેબસ ભણાવવો અને વિદ્યાર્થીઓનેઅલગ-અલગ કોર્ષ કરવાની તક આપવી. જેને કારણે વિદ્યાર્થીઓમાં રોજગારીની તકોમાં વધારો થશે અને તેઓમાં નૈતિકતાનું સિંચન થશે.ઉપરાંત ભારતીય પરંપરાને ભણાવવાનો અને જ્ઞાન વધારવાનો પણ મોકો મળશે વિદ્યાર્થી એક વર્ષ પછી ત્રીજા સેમેસ્ટરમાં વિષય પણ બદલાવીશકશે. અત્યાર સુધી ગ્રેજ્યુએશનના ત્રણ વર્ષ હતા. જે હવે ચારવર્ષ થયા છે. વિદ્યાર્થી ચાર વર્ષ પૂર્ણ કરે એટલે તેને ગ્રેજ્યુએશનરૂપે 'ઓનર્સડિગ્રી' આપવામાં આવશે. ત્રણ વર્ષપૂર્ણ કરનાર અને ૭૫ ટકા કે તેથી વધુ મેળવનાર વિદ્યાર્થીને ચોથા વર્ષમાં ઓનર્સ વિથ રિસર્ચનો પણ ઓપ્શન આપવામાંઆવશે. રિસર્ચરૂપે વિદ્યાર્થીએ ડેઝર્ટશન (નાનોથીસીસ) કરવાનું રહેશે.

NEP ૨૦૨૦ મુજબ જે વિદ્યાર્થીઓ કોઈ પણ કારણોસર યુનિવર્સિટીનું એક વર્ષ પૂર્ણ કરે અનેવચ્ચેથી અભ્યાસ છોડી દેતો તેને સર્ટિફિકેટ કોર્સનુંપ્રમાણપત્ર આપવું, બે વર્ષ પૂર્ણ કરેતો ડિપ્લોમા કોર્સનું પ્રમાણપત્ર આપવું અને જો ત્રણ વર્ષ પૂર્ણ કરે તો ડીગ્રી કોર્સનું પ્રમાણપત્ર આપવામાં આવશે.એક કે બેવર્ષ પછી વિદ્યાર્થી કોઈ કારણોસર અભ્યાસ અધૂરો છોડી દે તો તેઓએ ચાર ક્રેડિટનો વોકેશનલ પ્રોગ્રામ કરવાનો થશે. વિદ્યાર્થી યુનિવર્સિટીમાં એડમિશન લે તે પછી વધુમાં વધુ સાત વર્ષની અંદર ગ્રેજ્યુએશનરૂપે ઓનર્સ ડિગ્રી પ્રાપ્ત કરવી જરૂરી છે, ત્યાર બાદ વિદ્યાર્થી આપોઆપ ડીસ્કવોલીફાઈ થઈ જશે.સમગ્ર ઓનર્સ ડિગ્રી દરમ્યાન વિદ્યાર્થીઓ આર્ટસમાં ૧૮૦ ક્રેડિટ, કોમર્સમાં ૧૯૨ ક્રેડિટ તથા સાયન્સમાં ૧૯૩ ક્રેડિટ મેળવવાની રહેશે. જે હાલમાં ત્રણ વર્ષના યુ.જી.કોર્ષમાં સરેરાશ ૧૪૪ જેટલી ક્રેડિટ મેળવવામાં આવે છે.

NEP ૨૦૨૦માં મેજર અને માઈનર, એબિલિટી તથા સ્કીલ એન્હેન્સમેન્ટ, વેલ્યુ એડેડ કોર્ષ સહિતના સિલેબસ વિદ્યાર્થીઓનેભણવામાં આવશે. જેમાં એબીલિટીએન્હેન્સમેન્ટમાં વિદ્યાર્થીઓ સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી સહિતની કોઈ પણ ભાષા પસંદ કરી શકશે. સ્કીલ એન્હેન્સમેન્ટમાં વિદ્યાર્થીઓની સ્કીલ ડેવલપથાય તે માટેના રોજગારલક્ષી-વોકેશનલ કોર્ષ શરૂ થશે. જેમાં વિવિધવિષયોમાં કોમ્યુનિકેશન, ટુરિઝમમેનેજમેન્ટ, રાઈટિંગ સ્કીલ્સ, લેન્ગવેજ ટિચિંગ, કોમ્પ્યુટર રિલેટેડ કોર્ષ વિગેરેનો સમાવેશ થાયછે.

રવેલ્યુએડેડ કોર્ષમાં IKS એટલે કે ઈન્ડિયન નોલેજ સીસ્ટમ રીલેટેડ અને એન્વાયરમેન્ટલ સ્ટડીઝ રીલેટેડ કોર્ષીસ શરૂ થનાર છે. NEP-૨૦૨૦ ના અમલીકરણથી સર્વાંગી વિકાસના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મનિર્ભરતા આવશે તેવું કુલપતિ ડો.ચેતનભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું. યુનિવર્સિટી ખાતે એકઝીક્યુટીવ કાઉન્સિલની બેઠકમાં કુલપતિ ડો.ચેતનભાઈ ત્રિવેદી ઉપરાંત યુનિવર્સિટીના સરકાર નિયુક્ત ઈ.સી. મેમ્બર ડો.જયભાઈ ત્રિવેદી, ચંદ્રેશભાઈ હેરમા, સુ.શ્રી.ભાવનાબેન અજમેરા, ડો. જીવાભાઈ વાળા, સહિતના તમામ ઈ.સી. મેમ્બર્સ, કુલસચિવ ડો. મયંકભાઈ સોની, એકેડેમિક ઓફિસર ડો.ફિરોઝભાઈ શેખ વગેરે હાજર રહ્યા હતા.

### ઘેલા સોમનાથ મહાદેવ તથા મીનળ મંદિરના વિકાસ અંગેની બેઠકમાં તમામ કામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની મંત્રી કુંવરજીભાઇ બાવળિયાની કોન્ટ્રાક્ટરને તાકીદ





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૫

વીંછીયા તાલુકાના સોમ પીપળીયા ખાતે આવેલ સુપ્રસિધ્ધ યાત્રાધામ શ્રી ઘેલા સોમનાથ મહાદેવના મંદિરમાં તથા મંદિરની બહાર કરવાના કરવાના થતા વિવિધ વિકાસ કામો અંગેની બેઠક પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાળવીયાના અધ્યક્ષસ્થાનેઅને કલેક્ટર પ્રભવ જોશીની વિશેષ ઉપસ્થિતીમાં યોજાઈ હતી. પ્રાંત અધિકારી રાજેશ આલે કરવાના થતાં વિકાસ કામો પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કર્યા હતા. તેમજ કોન્ટ્રાક્ટર અનેઆર્કિટેક્ટે પણ વિકાસ કામોની ડિઝાઈન અને આઈડિયાઝ પી.પી.ટી.ના માધ્યમથી પ્રસ્તુત કર્યા હતા. અમુક વિશિષ્ટ કામો અંગેની સુચના પણ મંત્રી બાવળિયાએ આપી હતી. તેમજ આ તમામ કામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની તાકીદ પણ મંત્રીએ કોન્ટ્રાક્ટરને આપી હતી. ઘેલા સોમનાથ મંદિરમાં લેસર લાઈટ એન્ડ સાઉન્ડ શો, મ્યુઝિકલ ફાઉન્ટેન શો, સ્નાનઘર, યાત્રાળુઓ માટે રહેઠાણની વ્યવસ્થા વધારવા, યજ્ઞ શાળા-શહીદ સ્મારક- પાળિયાનું રીનોવેશન કરવા, મંદિરના ઈતિહાસ માટે ડિજિટલ બોર્ડ બનાવવા , વિશ્રામ કુટિર, ચિલ્ડ્રન પાર્ક, ગાર્ડનમાં વિવિધ ડેકોરિટિવ સ્ટોનમાં શિવજીના નટરાજન સહિતના વિવિધ રૂપો દર્શાવવા સહિતના કામો કરવાના આયોજનો રજૂ થયા હતા. ઘેલા સોમનાથ મંદિર સામે પર્વત ઉપર આવેલ મીનળ મંદિરનો જીર્ણોધ્ધાર, પર્વત ઉપરના સાંકડા પગથિયા પહોળા કરી તેની ઉપર રેલિંગ મુકવા, કમ્પાઉન્ડ વોલ, ગાર્ડન તેમજ ઘેલા સોમનાથ અને મીનળ મંદિર વચ્ચેના રસ્તા પર ફેરિયાઓ માટે માટે સુઆયોજિત માર્કેટ બનાવવા, પાર્કિંગ સહિતના વિકાસ કામોના આયોજનો રજૂ થયા હતા. આ બેઠકમાં માર્ગઅને મકાન વિભાગના ઈજનેર કે.એમ.ઝાલા, આયોજન અધિકારી જે.કે.બગીયા, વનવિભાગ, જેટકો, પી.જી.વી.સી.એલ. સહિતના વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જૂનાગઢમાં અંદાજે એક વર્ષમાં ૧૧૯૮ ઈ-વાહનોનું વેચાણ - ૧૦૩૫ સીએનજી વાહનો નોંધાયા

#### જીલ્લામાં કુલ-૬૯૨ ઈ -વાહનો માટે રૂા.૧.૪૫ કરોડની સહાય

જૂનાગઢ, તા.૫

જૂનાગઢ જિલ્લો ગ્રીન અને ક્લિન એનર્જી તરફ વળી રહ્યો છે. જિલ્લામાં તા.૧-૪-૨૦૨૨ થી તા.૩-૬-૨૦૨૩ સુધીમાં ૧૧૯૮ જેટલા ઈલેક્ટ્રોનિક વાહનોનું વેચાણ થયું છે. આજ સમયગાળા દરમિયાન જિલ્લામાં ૧૦૩૫ જેટલા સીએનજી વાહનો પણ નોંધાયા છે. પૃથ્વીનું તાપમાન સતત વધી રહ્યું છે ત્યારે ગ્રીન અને ક્લીન એનર્જીનો વિકલ્પ તેમાં રાહત આપી શકે તેમ છે. આ માટે કેન્દ્ર -રાજ્ય સરકારે પ્રોત્સાહક યોજનાઓ પણ જાહેર કરી છે. જેથી પર્યાવરણ રક્ષણ દિશામાં આગળ વધી શકાય. નાયબ વાહન વ્યવહાર અધિકારી વાય.બી. સોલંકી જણાવે છે કે, જૂનાગઢ જિલ્લામાં કુલ-૬૯૨ ઈલેક્ટ્રીક વાહનો માટે રૂા.૧.૪૫ કરોડની સબસીડી ચૂકવવામાં આવી છે. આમ, લોકોને ઈલેક્ટ્રીક વાહનો અપનાવવા માટે પ્રોત્સાહન મળી રહ્યું છે.

# ૫ જુન વિશ્વ પર્યાવરણ દિન

દર વર્ષ આજના દિવસે પર્યાવરણ દિવસની ઉજવણીનાં ભાગ રૂપે વૃક્ષનાં રોપણ કરી મનાવી લઈએ છીએ. પણ ખરેખર આપણી ભૂલોને કારણે કે પછી આપણાં અણઘડ નીતિ નિયમોને કારણે પર્યાવરણનો સોથ વળી ગયો છે. સાથો સાથ પશુ, પંખી, કિટકોનો પણ દિવસે, દિવસે નીકનંદન નીકળી રહ્યો છે. જેની જાણ પર્યાવરણ પ્રેમી સિવાય કોઈ ને નથી.હજુ પણ ઘણાં ગ્રામીણ ક્ષેત્રોમાં ઢોર વાળામાં, ઘર બહાર, વરંડામાં ગંદકીનો માહોલ મચ્છર તેમજ જીણી જીવાતો ઉત્પન્ન કરી બીમારીનું કારણ બને છે. હાલ સરકારની ઘણી યોજનાઓ અમલમાં છે. જે સ્વછતા અભિયાન ચલાવેછે. શહેરોમાં પર્યાવરણને નુકસાન કરતાં પરિબળોનેનાબૂદ કરવાં કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર સંપૂર્ણ સ્વછતા અભિયાન અમલમાં છે. એટલૂજ નહિ ગ્રામ પંચાયત તેમજ જિલ્લાઓમાં નિર્મળ ગ્રામ પુરસ્કાર નામની એક એવોર્ડ યોજના હાથ ધરવામાં આવેલ છે. પર્યાવરણની જાણવણી તેમજ તેનાં નિભાવની કામગીરી વિશે દેશ, વિદેશનાં પર્યાવરણ પ્રેમી તેમજ તે અંગેની કામગીરી કરતી સંસ્થા, એજન્સીઓ ચીંચિત છે અને અનેક જગ્યાએ માનવીય સ્વાસ્થ્યને લાભ કારક વૃક્ષનાં રોપણ કરવામાં આવે છે. નીઃ શુલ્ક રોપાનુંવિતરણ કરાય રહ્યું છે. આપણા આવાસ, નિવાસ તેમજ ફળિયામાં વૃક્ષો વાવવાં જોઈએ. આગળની પેઢીને તે ફાયદા રૂપ બનશે. સાથો સાથ સ્વાસ્થ્ય પણ સારૂ રહેશે. આ કામગીરીમાં એક એરિયાનું ગ્રુપ બનાવવું જોઈએ. જે આ કાર્યમાં પ્રગતિ શિલ બને. જે સમય જતાં આ ગ્રુપ વિશાળ વૃક્ષની ફેલાય જશે અને અનેક જગ્યાએ લીલાશનાં દર્શન થશે. અમુક પુરાતન વાવ કે પછીકુવામાં અમુક માણસો કચરો તેમજ ઝેરી પદાર્થ નાખે છે. તેનાં કારણે માછલાઓ કાચબા ઓ નાં મૃત્યુંથાય છે. આપણે સર્વે નથી કરતાં પણ દરરોજ ઝેરી કેમિકલ, ગેસ, કે પછી એવા ઉત્પાદનથી પશુ, પક્ષીઓનું નીકનંદન નીકળી ગયું. આપણાં ઘરની આસપાસ ચકલી, પોપટ, કાબરનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું છે. ગામડામાં પણ જૂજ વસ્તી બચી છે. દિવસે, દિવસે પંખીનો મધુર કલરવ શાંત બની ગયો. ઘણાં જનાવર તેમજ જંગલી પ્રાણીઓ પણ લુપ્ત થયાં છે. તેમજ રંગ બેરંગી પતંગિયા, અગીયાનાં દર્શન દુર્લભ થયા છે. આ બધી વાતોમાં ક્યાંકને ક્યાંક માણસની જાત જવાબ દાર છે. એટલૂજ નહિ અમુક રસાયણો, કેમિકલ જે ઝેરી છે તેને પણ દરિયા ફેંકવામાં આવે છે. જેનાંથી હજારો દરિયાય જીવ સૃષ્ટિ નાસ પામે છે. જળ સ્તોત્રનાં નિષ્ણાંતનાં મત અનુસાર ઝેરી કેમિકલ તેમજ ભૂગર્ભમાં થતી ઝેરી અસરથી પાણીનાં જળ સ્ત્રોત સુકાવવામાં છે. અમુક પ્રાંતમાં નદી ઓ ઝળા સયો સુકાય ગયાં છે તો શહેરોમાં મોટી, મોટી ઈમારત, બિલ્ડીંગ બની રહી છે. જે ખેતર, વાડી વિસ્તાર માં જ ખાસ કરી બનતી હોય છે અને પાયાનાં ખોદ કામ દરમ્યાન વર્ષો જૂના વૃક્ષોનો સફાયો કરવામાં આવે છે. જેનાથી પક્ષીઓના રહેઠાણ તેમજ આસપાસ પાણીનો સંગ્રહ કરતા જળ સ્ત્રોત નાબૂદ થાય છે એ કેવું કહેવાય કે માણસનાં રહેઠાણ બનાવવા માટે પક્ષીઓના રહેઠાણનો નાસ કરવામાં આવે છે. જયારે પીકનીકમાં જતાં સહેલાણીઓ હિલ સ્ટેશનમાં ફરે ત્યારે ખાદ્ય પદાર્થો, પાણીની બોટલો બીજી ગંદકી કરી પર્યાવરણનું આડકતરૂ નુકસાન કરતાં હોય છે તેમજ જંગલ વિસ્તારમાં પણ ફરતા માણસો માવા, તમાકુ સહીત ઘણી ચીજ વસ્તુઓ ફેંકે છે. જે નિર્દોષ પક્ષી, પ્રાણી આરોગેજેતેનાં સ્વાસ્થ્યને નુકસાન સાબિત થાય છે.

હાલ કેરીની મૌસમ છે. ના પાકતી કેરીને કાર્બઈડથી પકાવવામાં આવે છે. ત્યારબાદ તે પડીકીને કચરામાં ફેંકવામાં આવે છે. જેને કારણે ગાય, કુતરા ખાઈ છે. જે મોતના કારણ બને છે. મિત્રો જો ભગવાનની તમારાં ઉપર કૃપા હોય તો ક્યાંય દાન, પુણ્ય કરવા કરતા અને જો થોડી જમીન હોય તો વૃક્ષારોપણ કરો, સારી ઉર્જા વાળા વૃક્ષથી સારી ઉર્જા મળશે. અનેકબીમારીથી બચી જવાશે. સાથોસાથ અનેક પક્ષીઓનું રહેઠાણ બનશે. જેનો મીઠો કલરવ તમને મીઠી નિંદ્રામાંથી જગાડશે. અને બીજી નાનાં મોટા કિટકો, કીડી મકોડાનું આશ્રય સ્થાન બનશે. જે તમોને આશીર્વાદ રૂપ સાબિત થશે તેમજ ચકલી માળા પણ મુકો પાણીનાં કુંડા મુકો આટલું કરશો તો ક્યાંય યાત્રાએ જવાની જરૂર નહિ રહે. ઘર આંગણે તીરથ થશે. જો આપણે સૌ જો આ પર્યાવરણ અને જીવોની રખેવાળી નહિ કરીયે તો આપણી આગળની પેઢીને ઝાડ, પાન, પશુ, પંખીની હાજરી નહિ હોય ત્યારે માત્રને માત્ર પાઠ્યપુસ્તકમાં ચિત્રો જ જોવાનો વારો આવશે. તે દિવસ દૂર નહિ હોય. પર્યાવરણની જાળવણી નહિવત હોવાથી ચોમાસામાં થતા દેડકા નથી દેખાતા તો મોર, કોયલ, મેના, બુલબુલ પણ આ સીઝનમાં જોવાં નથી મળતી. અવનવી ભાતો વાળા પતંગિયા પણ નાસ પામ્યા છે. તો મિત્રો થોડામાં ઘણું કહું તો આ બધી બાબતમાં માનવ જાત ક્યાંક દોશી છે. તો ચાલો આજથી સંકલ્પ કરીએ કે અમો પર્યાવરણ ની જાનવણી કરશું. તેમજ પક્ષી ઓની પણ સંભાળ રાખશુ તોજ સાચી પર્યાવરણ દિવસની ઉજવણી થશે.

**આલેખન : વિજય ચુડાસમા, જૂનાગઢ**

# પ્રકૃતિના જતન, સંરક્ષણ અને સંવર્ધન સાથેનીવૃતિ ધરાવતો પ્રવૃત વિકાસ તરફ ગતિ સાથે પ્રગતિ કરતો રાજકોટ જિલ્લો છેલ્લા પાંચ વર્ષમાં ૧૫૪૮.૫૦ હેકટર જમીનમાં કરાયું વૃક્ષારોપણ

### ટકાઉ વિકાસની સંકલ્પનાને સાર્થક કરવા "વૃક્ષ ખેતી યોજના" હેઠળ જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૮૫ લાભાર્થીઓને રૂા.૧૨.૮૦ લાખની સહાય ચુકવાઈ : મિયાવાકી પધ્ધતિ હેઠળ ઈશ્વરિયા પાર્ક-ગોંડલ તાલુકામાં "વન કવચ" તૈયાર કરાશે

"કુદરતિ પ્રકૃતિ" શબ્દ સાંભળતાની સાથે જ ધરતી, આકાશ, પહાડ, જળ અને વૃક્ષો સહિતના કુદરતના અમુલ્ય તત્વો આપણા મનોચક્ષુ સમક્ષ આવી જાય છે. ધોમધખતા તાપમાં વૃક્ષનો છાંયડો કેટલો વ્હાલો લાગે! સુકાતા ગળાની તરસ છીપાવતું પાણી અમૃત સમું લાગે છે ત્યારે સમજાય કે પ્રકૃતિ વિના આપણે કેટલા પાંગળા છીએ. મનુષ્યના અસ્તિત્વને ટકાવી રાખવા માટે પર્યાવરણના અસ્તિત્વને ટકાવવું ખુબ જરૂરી છે. તેથી રાષ્ટ્રના ટકાઉ વિકાસ અને માનવકલ્યાણ હેતુ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કલાઈમેટ ચેન્જ અને હરિયાળી ક્રાંતિને અગ્રતા આપીને જળ સંચય, ભુમિ સંરક્ષણ, વનીકરણ જેવી મહત્વની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં રાજકોટ જિલ્લો પણ પ્રકૃતિના જતન, સંરક્ષણ અને સંવર્ધાન સાથે વિકાસ તરફ આગેકૂચ કરી રહ્યો છે. રાજકોટને હરિયાળુ બનાવવા માટે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા કરાયેલી કામગીરી અંગે વિગતવાર માહિતી આપતા નાયબ વન સંરક્ષકશ્રી તુષાર પટેલે જણાવ્યું હતું કે, સ્ટ્રીપ પ્લાન્ટેશન, ગ્રામ વાટીકા, ફાર્મ ફોરેસ્ટ્રી જેવી વિવિધ યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં જિલ્લામાં ૧૫૪૮.૫૦ હેકટર જમીનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ વર્ષમાં સામાજિક સંસ્થાઓનાં સહયોગથી લોકભાગીદારી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં ૬૬,૫૬૫, વર્ષ ૨૦૨૧-૨૨માં ૨,૯૩,૬૧૦ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૧,૩૯,૦૯૪ સહિત કુલ ૪,૯૯,૨૬૬ રોપાઓનું વાવેતર કરી વૃક્ષારોપણ અને રોપા વિતરણ કરવામાં આવ્યું હતું. નાગરિકોનો પ્રકૃતિ સાથેનો નાતો મજબુત કરવા માટે વહીવટી તંત્ર દ્વારા "રામવન" અને "શક્તિવન" બનાવવામાં આવ્યા છે. જેમાં મહત્તમ ઔષધિય વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. જે સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર તો બન્યા જ છે સાથો સાથ આસપાસના વિસ્તારને શુદ્ધ પણ રાખી રહ્યા છે. ઉપરાંત "નમો વડ વન યોજના" અંતર્ગત વિવેકાનંદપાર્ક, આજી ડેમ તથા જામકંડોરણા તાલુકાના ગુંદાસરી ગામે "વડ વન" તૈયાર કરવામાં આવ્યા છે. દરેક વડ વનમાં ૭૫ વડના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. રાજકોટમાં વન વૈભવની સાથે શહેરી વિસ્તારમાં પ્રદૂષણ ઘટાડવા, પાણીનો સંગ્રહ અને હરિયાળી વધારવા, ગરમીની અસર ઘટાડવા અને નાગરિકોને શુદ્ધ હવા સાથેનું પર્યાવરણ ઉપલબ્ધ બનાવવા માટે મનોરંજન સાથેનું રમણીય વાતાવરણ પૂરૂ પાડવા "નગરવન" યોજના હેઠળ પ્રદ્યુમન પાર્ક નજીક વિવેકાનંદ પાર્કમાં કુલ ૧ હેક્ટર જમીનમાં "નગરવન" તૈયાર કરવામાં આવનાર છે. જેમાં વિવિધ રાશિ મુજબના રોપાઓનું વાવેતર કરી "રાશીવન", ઔષધીય મહત્તા ધરાવતા રોપાઓનું વાવેતર કરી "આયુર્વેદિક વન", સ્થાનિક રોપાઓનું વાવેતર કરી "અશોકવાટિકા"નું નિર્માણ કરવામાં આવશે. જેમાં મુલાકાતીઓ માટે બેસવાના બાંકડા, વોકિંગ અન સાઈકલીંગ માટેના રસ્તા સહિત માહિતી અને વિસ્તરણ કેન્દ્રની સ્થાપના, કિઓસ્ક, ડિસ્પ્લે બોર્ડ, સાઈનેજ વગેરે જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવશે. પર્યાવરણના વિકાસ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ગુજરાતને વધુ હરિયાળુ બનાવવાના હેતુથી જાપાની વનસ્પતિશાસ્ત્રી અકીરા મીયાવાંકીની વનીકરણ પધ્ધતિને લક્ષ્યમાં રાખી ગુજરાત વનવિભાગની "વન કવચ યોજના" હેઠળ રાજકોટ જિલ્લામાં પડતર જમીનને હરિયાળી બનાવવા ૦.૭૫ હેકટર વિસ્તારમાં ઈશ્વરીયા





પાર્ક અને ગોંડલ તાલુકાના જામવાડી જી.આઈ.ડી.સી.ની બાજુમાં ૧ હેકટર વિસ્તારમાં વન કવચ તૈયાર કરવામાં આવ્યા છે. જેના કારણે જૈવવિવિધતા વિકસશે અને બે વર્ષના ટૂંકાગાળામાં જ વિકાસ પામેલ વન કવચ જુદા-જુદા પશુ પક્ષીઓનું આશ્રય સ્થાન બની શકશે. નાગરિકો કુદરતી સંપદાઓના જતન સાથે આર્થિક ઉપાર્જન કરી શકે તે માટે રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ પણ પર્યાવરણની સુરક્ષા ક્ષેત્રે અગત્યનો ભાગ ભજવી રહી છે ત્યારે આયોજન શાખાનાં મહેશભાઈ કંટારીયાએ જણાવ્યું હતું કે, ટકાઉ વિકાસની સંકલ્પનાને સાર્થક કરતી "વૃક્ષખેતીયોજના" તળે જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૬૦.૦૦ હેક્ટરનાં વાવેતર માટે ૧૮૫ લાભાર્થીઓને રૂા.૧૨.૮૦ લાખની સહાય ચુકવવામાં આવી હતી. બળતણના બચાવ અનેસ્વાસ્થ્ય સુધારા, સ્વચ્છતા અભિયાન હેઠળ ૫૫ ગ્રામજનોને વિનામુલ્યે નિર્ધૂમ ચુલા ફાળવવામાં આવ્યા હતા. "વિકેન્દ્રીત પ્રજા નર્સરી" યોજના તળે કુલ ૪૯ લાભાર્થીઓને ૭.૭૦ હજાર જેટલા રોપા ઉછેરવા આપ્યા હતા. ઉપરાંત વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૫ કિશાન શિબિર અને ૧૮ પ્રાકૃતિક શિક્ષણ શિબિરો કરીને લોકોનો પ્રકૃતિ સાથેનો સંબંધ વધુ ગાઢ બનાવવાનો પ્રયાસ કરાયો છે. છેલ્લા પાંચ વર્ષમાં "વન મહોત્સવ" હેઠળ ૯૭.૬૫ લાખ રોપાઓ ઉછેર્યા છે. વર્ષ ૨૦૨૩-૨૪ના ૭૪માં "વન મહોત્સવ" અંતર્ગત જુદાજુદા મોડેલ હેઠળ આશરે ૩૧૬ હેક્ટરમાં ૩,૦૯,૯૭૭ રોપાઓનું વાવેતર કરીને રાજકોટના વન વૈભવમાં વધારો કરાશે.

સંકલન - પ્રિયંકા પરમાર, ભાવિકા લીંબાસીયા

### હાટકેશ હોસ્પીટલ નજીક

# જૂનાગઢમાં 'કાર' ખાડામા પડી જવાનાં બનાવને પગલે કોર્પોરેશન સફાળું જાગી ઉઠયું : સાઈન બોર્ડ લગાવાયા

## ભુગર્ભ ગટરના ચાલતા કામ અંગેના સાઈન બોર્ડના અભાવે આ બનાવ બન્યો હોવાનું અને બેદરકાર કોર્પોરેશનના સત્તાધીશો સામે લોકોનો રોષ



**કુતરૂ પાળ્યું હોય તો પણ કુતરાથી સાવધાન રહોનાં બોર્ડ મુકવામાં આવે છે ત્યારે રસ્તા ઉપરનાં કોઈપણ કામો ચાલતા હોય ત્યારે ચેતવણી સુચક બોર્ડ લગાવવા જરૂરી છે - એક નાગરીક**

જૂનાગઢ તા.૫

જૂનાગઢ શહેરમાં કોર્પોરેશન દ્વારા ચાલતા વિવિધ વિકાસનાં કામોમાં યોગ્ય 'સુપરવિઝન' જરૂરી છે અને ખાસ કરીને જાહેર રસ્તા ઉપર થતાં કામો દરમ્યાન કોઈ અકસ્માત, દુર્ઘટના કે જાનહાનીનાં બનાવો ન બને તે માટે સાવચેતીનાં પગલા ભરવા જરૂરી છે. ગત શનિવારે હાટકેશ હોસ્પીટલ નજીક બનેલા એક બનાવમાં કોર્પોરેશનનું બેદરકાર તંત્ર સફાળું જાગી ઉઠયું અને રાતોરાત સાઈન બોર્ડ લગાવી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

જૂનાગઢની જાણીતી હાટકેશ હોસ્પીટલ ખાતે સારવાર માટે આવેલા એક પરિવારની કાર રસ્તા ઉપર ખાડામાં પડી ગઈ હતી અને ભારે દોડધામ મચી જવા પામી હતી. કોર્પોરેશનની બેદરકારીનાં બનાવ અંગેનો એક કિસ્સો બહાર આવેલ છે. વાત જાણે એમ છે કે ગત શનિવારે એક પરિવાર હાટકેશ હોસ્પીટલ ખાતે પેશન્ટને લઈને કારમાં આવી રહેલા હતા. હવે હાટકેશ હોસ્પીટલ પાસે ભુગર્ભ ગટરની કામગીરી સબબ ખોદકામ ચાલી રહયું છે અને જે રસ્તાના ખોદકામમાં આ પરિવારની કાર ખાડામાં પડી ગઈ હતી. અને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ભારે જહેમત ઉઠાવી કારને બહાર કાઢવામાં આવી હતી. આ બનાવમાં સદ્‌ભાગ્યે કોઈ જાનહાનિ થવા પામી નથી. દરમ્યાન આ બનાવમાં કોર્પોરેશનની સદંતર બેદરકારી અને નિંભર તંત્ર સામે લોકોમાં રોષ ઉઠવા પામ્યો હતો.

જૂનાગઢમાં સત્તાસ્થાને બેઠેલા નેતાઓને જાહેર સમારંભોમાં હાજરી આપવા સિવાય બીજી કોઈ કામગીરી જ ન હોય તેમ લાગે છે. પ્રજાવિકાસના કાર્યો ભગવાન ભરોસે છે. આડેધડ રસ્તા તોડી નાખવા, ચોમાસાના સમયે રસ્તાના કામો કરવા, ભુગર્ભ ગટરની કામગીરીના કામો ચાલુ હોય તેમજ જયાં પણ કોર્પોરેશન દ્વારા કામગીરી ચાલતી હોય ત્યાં કામગીરી બરોબર થાય છે કે નહીં તે બાબતનું ધ્યાન કોઈ આપતું નથી. કોઈપણ કામનું સુપરવિઝન થતું નથી. જેવી અનેક ફરીયાદો ઉઠવા પામી છે. દરમ્યાન શનિવારે હાટકેશ હોસ્પીટલ ખાતે ખાડામાં કાર ખૂંચી જવાનો બનાવ કોર્પોરેશનની બેદરકારી અને સાઈન બોર્ડના અભાવે બન્યો હોવાનું લોકો જણાવી રહયા હતા. ભવિષ્યમાં કોઈની બેદરકારી કોઈનો ભોગ લે તે પહેલા યોગ્ય પગલા ભરવાની ઝુંબેશ ઉઠી છે. અહીં એક વાત યાદ આવે છે કે, આપણા ઘરે કુતરૂં પાળ્યું હોય તો પણ દરવાજાની બહાર આપણે બોર્ડ લગાવીએ છીએ કે 'કુતરાથી સાવધાન રહો' કોર્પોરેશન તંત્રને આવી સામાન્ય બાબત પણ નહીં સમજાતી હોય.! વધુમાં હાલ સાવધાની માટેનાં બોર્ડ રાતોરાત મુકાઈ ગયા છે. ત્યારે આ તકે એટલું જ કહેવાનું કે જૂનાગઢ શહેરમાં જયાં પણ કામો ચાલતા હોય ત્યાં દિશા નિર્દેશ માટેનાં તેમજ કોઈ અકસ્માતનાં બનાવો ન બને તે માટે બોર્ડ લગાવવા જરૂરી છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાની પ્રેરક ઉપસ્થિતિમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



## બીટ પ્લાસ્ટિક પોલ્યુશન થીમ ઉપર પ્લાસ્ટિક પ્રદૂષણના ઉકેલ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાશે

જૂનાગઢ, તા.૫

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશ મકવાણાની પ્રેરક ઉપસ્થિતિમાં આજ તા. ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આજ તા.૫ જૂનના રોજ બીટ પ્લાસ્ટિક પોલ્યુશનની થીમ સાથે પર્યાવરણ દિનની ઉજવણી કરાઈ હતી. વિશ્વ પર્યાવરણ દિવસ અન્વયે જૂનાગઢ વન વિભાગ દ્વારા કૃષિ યુનિવર્સિટી ઓડિટોરિયમ ખાતે સવારે ૯-૩૦ કલાકે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ગુજરાત રાજય વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશ મકવાણા, અતિથિ વિશેષ તરીકે તેમજ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શાંતાબેન ખટારિયા, જૂનાગઢ ધારાસભ્ય સંજયભાઈ કરોડિયા, જૂનાગઢ મેયર ગીતાબેન પરમાર, તથા જૂનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સિટીના કુલપતિ ડો.વી.પી.ચોવટિયા રહ્યા હતા. આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસથી ૫૦ મી વર્ષગાંઠ છે. જેમાં બીટ પ્લાસ્ટિક પોલ્યુશન હેશટેગ અને સ્લોગનનો ઉપયોગ કરીને પ્લાસ્ટિક પ્રદૂષણના ઉકેલો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા જનજાગૃતિ લાવવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા મિશન લાઈફ અંતર્ગત તા.૫/૫/૨૦૨૩ થી તા. ૫/૬/૨૦૨૩ સુધી મિશન લાઈફની ઉજવણી કરવામાં આવેલ છે. જેમાં પ્લાસ્ટિક કલીનીંગ કેમ્પેઈન, સાયકલ રેલી, અવેરનેસ પ્રોગ્રામ, પ્લાન્ટેશન પ્રોગ્રામ અને એસ.એમ.સી વર્ક સમગ્ર રાજયમાં કરવામાં આવશે. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ યુટયુબના માધ્યમથી સંબોધન કરશે. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રતિકાત્મક વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. બાદમાં ગિરનાર અભયારણ્યની આસપાસના વિસ્તારમાં વૃક્ષારોપણ કરવા અંગે ઝુંબેશ શરૂ કરીને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## વિસાવદર : અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતા અકસ્માત : એકનું મૃત્યું

વિસાવદર તા.૫

વિસાવદર તાલુકાના ચાંપરડા નજીક એક અકસ્માતનો બનાવ બન્યો હતો. જે અંગે પોલીસે આપેલી વિગત અનુસાર સરમણભાઈ માંડાભાઈ ડાકી(ઉ.વ.૨૪) રહે. ગુંદરણ વાળા પોતાની મોટરસાઈકલ ઉપર જતા હતા તે વખતે કોઈ અજાણ્યા મોટા વાહનના ચાલકે તેની મોટરસાઈકલને હડફેટે લેતા અકસ્માત સર્જી અજાણ્યા મોટા વાહન વાળો નાસી ગયેલ અને શરમણભાઈને શરીરે ઈજા થતા તેનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક,
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨






RAMSIBHAI H. SOLANKI 98254 20510
PANKAJ M. PAMPANIYA 93749 88888

Raj Construction
Government Approval "B" Class
REGD. ADDRESS : At. Ajotha, Ta. Veraval. Dist.: Gir Somanth (Gujarat) 362 268
OFFICE ADDRESS : Jain Derasar choak, Above Gokul Pan, Dabhor Road, Veraval



વિશ્વ પર્યાવરણ દિવસ
આવો સૌ સાથે મળી વાયુ પ્રદૂષણને અટકાવીએ...



: શુભેચ્છક :
કેતનભાઈ સુચાણી
પ્રેસીડેન્ટ
તથા તમામ કારોબારી સભ્યશ્રીઓ...
સી-ફૂડ એક્ષપોર્ટ એસોસીએશન ઓફ ઈન્ડીયા (ગુજરાત રીઝીયન)
જી.આઈ.ડી.સી., વેરાવળ (બંદર)
તા. વેરાવળ, જી. ગીર સોમનાથ




ફલેટ વેચવાનો છે

જૂનાગઢમાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં ગાયત્રી સ્કુલની બાજુમાં બીજા માળે, 2BHK ફલેટ કસમાં વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે

:: સંપર્ક ::
૯૯૨૫૭ ૫૫૦૦૮









GHCL Limited
India's Leading Soda Ash Manufacturing Industry
Sutrapada, Gir Somnath, Gujarat
REUSE, RECYCLE AND SAVE OUR CITY FROM BECOMING A PLASTICITY.
GHCL Ltd wishes you all a very happy environment day .
#beat plastic pollution
#Missionlifestyle




A Multi Products Company:
Soda Ash – Light, Dense & Sodium Bicarbonate
Yarn Division
Consumer Product Division dealing in Edible Salt, Honey & Spices
GHCL Limited, Sutrapada



પર્યાવરણની જાળવણી આપણી જવાબદારી
હાથી સિમેન્ટનો વપરાશ આપની સમજદારી



હાથી® સિમેન્ટ
સૌરાષ્ટ્ર સિમેન્ટ લી. રાણાવાવ